# અમદાવાદનાં અધિક સત્ર ન્યાયાધિશ સાહેબની કોર્ટમાં, સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.

આંકઃ-

<u>સેશન્સ કેસ નં.૧૬૪/૨૦૧૫.</u>

શ્રી સ ર કા ર .... ફરીયાદી

<u>વિ રૂ ધ્ધ</u>

૧. ચિરાગ ઉર્ફે લાલો દેવેન્દ્રભાઇ અમરતલાલ ચાવડા,
રહે.મકાન નં.૧૯૭૪/૯, ભાટીયા પોળ,
પીપળીયા હનુમાનની સામે, રાયખડ,
અમદાવાદ.
૨. પ્રદીપ ઉર્ફે પદીયો કનુભાઇ આત્મારામ ચુડાસમા,
રહે.મકાન નં.૨૫, વૈભવ એપાર્ટમેન્ટ,
શેવાલી બસ સ્ટેન્ડની સામે,
જીવરાજપાર્ક, વેજલપુર,
અમદાવાદ.
૩. કપીલ દેવેન્દ્રભાઇ અમરતલાલ ચાવડા,
રહે.મકાન નં.૧૯૭૪/૯, ભાટીયા પોળ,
પીપળીયા હનુમાનની સામે, રાયખડ,
અમદાવાદ. ....આરોપી

ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૧) મુજબ.

---

ફરીયાદ પક્ષ તર્ફે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.જી.જૈન.
આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી વી.એ.કુરેશી.

---

<u>// ચુ કા દો //</u>

૧. સદરહુ કામમાં ફરિયાદીની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરિયાદી તેઓનાં પતિ સાથે ભરૂચ મુકામે રહે છે, જ્યારે તેઓનાં માતા-પિતા, બે બહેનો તથા સદરહુ કામે મરણજનાર ભાઇ-રાહુલ રાયખડ ખાતે અમદાવાદ મુકામે રહે છે, અને છેલ્લા અઠવાડિયાથી તેણી પિયરમાં માતા-પિતાને ત્યાં આવેલ છે.

ફરિયાદીની ફરિયાદ મુજબ સદરહુ ગુન્હાનાં કામે મરણજનાર તેઓનો ભાઇ–રાહુલ ગુજરાત કોલેજમાં બી.કોમ.નાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો, અને તેને તેનાં મિત્ર–ચીરાગ એટલે કે હાલનાં આરોપી નં.૧ ની બહેન–દિવ્યા સાથે એક–બે વર્ષથી પ્રેમસબંધ હતો, પરંતુ એક માસથી દિવ્યાની સગાઇ અન્ય જગ્યાએ થયેલ હોવાથી ફરિયાદીનો મરણજનાર ભાઇ તેણીની સાથે સબંધ રાખતો નહતો, જેથી આરોપી નં.૧ ની બહેન–દિવ્યા અવાર–નવાર ફરિયાદીનાં ભાઇને ફોન કરતી હતી, અને આ બાબતની અદાવત રાખી આરોપી નં.૧ ફરિયાદીનાં મરણજનાર ભાઇ સાથે બોલાચાલી કરતો હતો. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, બનાવનાં દિવસે એટલે કે તા.૧૨–૬–૨૦૧૪ નાં રોજ સાંજનાં આશરે પોણાઆંઠેક વાગ્યાનાં સુમારે તેણી, તેનાં માતા–પિતા, બહેનો તથા તેણીનો મરણજનાર ભાઇ ઘરે હાજર હતા ત્યારે મરણજનાર ભાઇ–રાહુલ જમીને બહાર ગયેલ, તે વખતે રાત્રીનાં આંઠ–સવાઆંઠ વાગ્યા દરમ્યાન તેણીનાં દાદી–શારદાબેન તેઓને ઘરે આવેલા અને જણાવેલ કે રાહુલને કોઇએ ખંજર મારી દીધેલ છે અને મામાનાં ગલ્લા સામે પડેલ છે, જેથી તેણી તથા તેનાં માતા–પિતાએ મામાનાં ગલ્લા પાસે જઇને જોતાં તેણીનાં મરણજનાર ભાઇને ફેફસાં તથા પેટનાં ભાગે બે ઘા નાં નીશાન હતા અને તેમાંથી લોહી નીકળતુ હતુ, તેમજ મોંઢામાંથી પણ લોહી નીકળતુ હતુ, અને ત્યાં હાજર માણસોમાંથી તેઓનાં કાકા–ચંદ્રકાંતભાઇ દ્વારા તેઓને જાણવા મળેલ કે તેણીનાં ભાઇને ચિરાગ, ચિરાગનાં કૌટુમ્બીક ભાઇ–પ્રદીપ ઉર્ફે પદીયો કનુભાઇ સોલંકી તથા ચિરાગનાં મિત્ર કે જેનાં નામની ખબર નથી – તેઓએ મારેલ છે, અને પ્રદીપ તથા ચિરાગનાં મિત્રએ તેણીનાં ભાઇને પકડી રાખેલ અને ચિરાગે તેણીનાં ભાઇને છરીનાં બે ઘા મારી ગંભીર ઈજા કરેલ છે. ત્યાર બાદ ફરિયાદી તથા તેણીનાં માતા–પિતા કોમેન્દ્રભાઇ ભાઇલાલભાઇની વાનમાં મરણજનારને વી.એસ.હોસ્પીટલમાં સારવાર અર્થે લઇ ગયેલ, જ્યાં ડોકટરે તેણીનાં ભાઇને મૃત્યુ

પામેલ જાહેર કરેલ.

ઉપરોક્ત હકીકત અંગેની ફરિયાદ ફરિયાદીએ આપતા તપાસ કરનાર અમલદારે તપાસ કરી હાલનાં આરોપી વિરૂધ્ધ વિદ્વાન એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૨ માં ચાર્જશીટ રજુ કરેલ.

૨. સદરહુ કામમાં ચાર્જશીટ દાખલ થયા બાદ સદરહુ કેસ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય વિદ્વાન એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે સદરહુ કેસ સેશન્સ કમિટ કરેલ, અને ત્યાર બાદ નામદાર પ્રિન્સીપાલ જજ, સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ દ્વારા સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી કરવા માટે અત્રેની અદાલતમાં મોકલાવેલ.

૩. સદરહુ કામમાં આરોપીઓને કેસનાં સબંધિત પેપર્સની નકલ મળી ગયેલ છે કે કેમ તે અંગેની ખાતરી કર્યા બાદ મારી અગાઉનાં વિદ્વાન અધિક સત્ર ન્યાયાધિશશ્રીએ હાલનાં આરોપીઓ વિરૂધ્ધ આંક–૭ થી તહોમતનામું ફરમાવી આંક–૮ થી ૧૦ સુધી તેઓનું નિવેદન નોંધતા તેઓએ ગુનો કબુલ નથી તેમ જણાવી સદરહુ કેસ આગળ ચલાવવાની રજુઆત કરતા સદરહુ કેસ આગળ ચલાવવામાં આવ્યો, અને તે અંગે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

૪. સદરહુ કામે ફરિયાદ પક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તથા પુરાવો રજુ થયેલો છેઃ

// મૌખિક પુરાવો //

| સાહેદ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | પંચ–વિશાલ જયંતિલાલ ભટ્ટીની જુબાની. |

| | | |
|---|---|---|
| ૨ | ૨૦ | પંચ–અનવરહુશેન ગુલામહુશેન શેખની જુબાની. |
| ૩ | ૨૯ | પંચ–સાલારખાન યાકુબખાન પઠાણની જુબાની. |
| ૪ | ૩૧ | પંચ–સલીમ કાદરભાઇ શેખની જુબાની. |
| ૫ | ૩૫ | સાહેદ–ચંદ્રકાંતભાઇ નાનુભાઇ સોલંકીની જુબાની. |
| ૬ | ૩૭ | સાહેદ–ભીખાભાઇ હનુમાનભાઇ કહારની જુબાની. |
| ૭ | ૩૯ | સાહેદ–કામેન્દ્ર ભાઇલાલભાઇ પરમારની જુબાની. |
| ૮ | ૪૦ | સાહેદ–વસંતભાઇ ચંદુલાલ ટોપરાણીની જુબાની. |
| ૯ | ૪૨ | સાહેદ–બાબુભાઇ શીતલભાઇ કહારની જુબાની. |
| ૧૦ | ૪૪ | સાહેદ–મનોજભાઇ નાનુભાઇ સોલંકીની જુબાની. |
| ૧૧ | ૪૬ | ફરિયાદી–સ્વાતિ મયુરભાઇ સોલંકીની જુબાની. |
| ૧૨ | ૫૦ | ડો.કલ્પેશ સોમચંદભાઇ કોટારીયાની જુબાની. |
| ૧૩ | ૫૬ | પોલીસ સાહેદ–દશરથસિંહ ઇન્દ્રસિંહ સિસોદીયાની જુબાની. |
| ૧૪ | ૬૨ | ત.ક.અ. વિનોદરાય મહેરામભાઇ સેલાની જુબાની. |

૫. સદરહુ કામે ફરિયાદ પક્ષ તર્ફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છેઃ

// દસ્તાવેજી પુરાવો //

| આંક | વિગત |
|---|---|
| ૧૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| ૧૫ થી ૧૭ | પંચસ્લીપ. |
| ૧૮ | પંચ–વિશાલ જયંતિલાલ ભટ્ટીનો ફોટો. (આરોપી તર્ફેની ઉલટતપાસમાં રજુ થયેલ છે) |
| ૨૧ | આરોપીઓનાં કપડાં કબજે કર્યાનું પંચનામું. |
| ૨૨ થી ૨૭ | પંચસ્લીપ. |
| ૩૦ | છરી/ખંજર કબજે કર્યાનું પંચનામું. |
| ૪૭ | ફરિયાદ. |
| ૫૧ | પી.એમ.રિપોર્ટ. |
| ૫૨ | પી.એમ. માટેની પોલીસ યાદી. |
| ૫૭ | સૂચિપત્ર. |
| ૫૮–૫૯ | ટેલીફોન મેસેજ. |

| | |
|---|---|
| ૬૦ | વી.એસ.હોસ્પીટલની ટેલીફોન વર્ધી. |
| ૭૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલ્યા અંગેની રવાનગી નોંધ. |
| ૭૪ | એફ.એસ.એલ.અધિકારીને સ્થળ ઉપર બોલાવવા અંગેનો પત્ર. |
| ૭૫ | એફ.એસ.એલ.ની પહોંચ. |
| ૭૬ | એફ.એસ.એલ.નો પત્ર. |
| ૭૭ | એફ.એસ.એલ.નો રિપોર્ટ. |
| ૭૮ | એફ.એસ.એલ.નો સિરોલોજી વિભાગનો અહેવાલ. |
| ૭૯ | એફ.એસ.એલ.નો પત્ર. |
| ૮૦ | એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્રનો અહેવાલ. |

ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષ તર્ફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ આંક–૮૧ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

૬. સદરહુ કામમાં રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધેલ છે. જેમાં પણ આરોપીઓએ ફરિયાદ પક્ષનાં પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ તેઓ વિરૂધ્ધની હકીકતોનો ઇન્કાર કરેલો છે, અને તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

૭. ત્યાર બાદ ફરિયાદ પક્ષ તર્ફે વિદ્ધાન એ .પી.પી. શ્રી કે.જી.જૈન તથા આરોપી તર્ફે વિદ્ધાન વકીલ શ્રી વી.એ.કુરેશીની દલીલો સાંભળી, તેમજ મૂળ ફરિયાદી તર્ફે આંક–૮૩ થી રજુ કરવામાં આવેલ લેખિત દલીલો પણ વંચાણે લીધી, તેમજ તે દલીલોનાં સમર્થનમાં રજુ કરવામાં આવેલ નીચે મુજબનાં ચુકાદાઓ વંચાણે લીધા.

- 2001 Law Suit(Guj) 480.

  Vinugiri Motigiri V/s. State of Gujarat.

- 2012 Law Suit(SC) 651.

  Munish Mubar V/s. State of Haryana.

૮. ઉપરોક્ત હકીકતનાં આધારે સદરહુ કામનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

// મુ દ્દા //

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે મરણજનાર-રાહુલ આરોપી નં.૧ ની બ્હેન સાથે પ્રેમસબંધ રાખતો ન હોવાથી તેની અદાવત રાખી, તા.૧૨-૬-૨૦૧૪ નાં રોજ રાત્રીનાં આંઠ-સવાઆંઠ વાગ્યાનાં સુમારે આ કામનાં આરોપીઓએ એકસંપ થઇ, આરોપી નં.૨ અને ૩ નાંએ મરનારને પકડી રાખેલ અને આરોપી નં.૧ નાંએ તેની પાસેની છરી વડે મરનારને છરીનાં ઘા મારી, ગંભીર ઈજાઓ પહોંચાડી, ખૂન કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૧૪ સાથે વાંચતા કલમ-૩૦૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૯. ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છેઃ

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

મુદ્દા નં.૧ –

૧૦. સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધનો કેસ સાબીત કરવા માટે સૌપ્રથમ ગુન્હાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચસાહેદ–વિશાલ જયંતિલાલ ભટ્ટીને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૩–૬–૨૦૧૪ નાં રોજ તેઓ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા તે વખતે પોલીસે તેઓને પંચમાં રહેવા જણાવેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ગુન્હાવાળી જગ્યા ચંદ્રકાંતભાઇએ બતાવેલી, અને કઇ જગ્યાએ શું બનેલું તેની હકીકત ચંદ્રકાંતભાઇએ તેઓની હાજરીમાં પોલીસને જણાવેલી, અને તે સ્થળે લઇ ગયેલ, અને તે વખતે એફ.એસ.એલ. અધિકારી પારેખ સાહેબ હાજર હતા, અને એફ.એસ.એલ.અધિકારીની હાજરીમાં બનાવસ્થળેથી ડામરનાં ટુકડા, લોહી, કંટ્રોલ માટી અને રૂ તેઓ તથા અન્ય પંચની હાજરીમાં પંચનામાંની વિગતે સીલ કરી કબજે કરેલ, અને તેમાં તેઓની સહીઓ લીધેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બનાવવાળી જગ્યાએથી એક રસ્તો જમણી બાજુ શીવ–સુંદરી હોલ તરફ જતો હતો, અને ડાબી બાજુ હવેલી તરફ જતો હતો. સદરહુ પંચસાહેદની જુબાની દરમ્યાન ફરિયાદ પક્ષે આંક–૧૪ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે. વધુમાં સદરહુ પંચસાહેદે તેઓ રૂબરૂ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે, તેમજ તેમાંથી નીકળેલ પંચસ્લીપમાં પણ તેઓની સહી હોવાનું જણાવેલ છે.

સદરહુ પંચસાહેદની આરોપીનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ વિજય કોર્પોરેશન બેંકમાં નોકરી કરે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, કઇ તારીખે તેઓને પંચમાં બોલાવેલ તે તારીખ તેઓને યાદ નથી, પરંતુ તે વખતે સવારે સાડાદસથી પોણાઅગીયાર આસપાસનો સમય હોવાનું જણાવે છે અને બનાવવાળી જગ્યાએ પોલીસ પહેલાથી હાજર હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં તેઓએ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, તેઓ હવેલી પોલીસ સ્ટેશનનાં ગુન્હામાં બે–ત્રણ પંચનામામાં પંચ તરીકે ગયેલા છે, અને આ બાબતે અમદાવાદની કોર્ટમાં આશરે બે–ત્રણ વખત જુબાની આપવાનો પ્રસંગ બનેલ હશે. વધુમાં સદરહુ પંચસાહેદની આરોપી તર્ફેની ઉલટતપાસ દરમ્યાન આરોપીનાં વિદ્વાન વકીલશ્રીએ, સદરહુ પંચસાહેદનો પોલીસનાં યુનિફોર્મ જેવો ડ્રેસ પહેરેલો એક ફોટો આંક–૧૮ થી રજુ કરાવેલ છે.

૧૧. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આરોપીઓનાં કપડાં કબજે કર્યાનાં પંચનામાનાં પંચસાહેદ–અનવરહુશેન ગુલામહુશેન શેખને આંક–૨૦ થી સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૩–૬–૨૦૧૪ નાં રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે તેઓને પંચ તરીકે બોલાવેલ. તે વખતે ત્યાં ત્રણ ઇસમો – ચિરાગ, પ્રદીપ તથા કપીલ હાજર હતા, જે પૈકી ચિરાગે ટ્રેક પેન્ટ અને ટી–શર્ટ રજુ કરેલ, જેમાં ટ્રેક પેન્ટ ઉપર લોહીનાં ડાઘા હતા. પ્રદીપે એક ટી–શર્ટ અને પેન્ટ રજુ કરેલ, જેની ઉપર લોહીનાં ડાઘા હતા, તેમજ કપીલે પણ એક ટી–શર્ટ અને ટ્રેક પેન્ટ રજુ કરેલ, જેમાં ટ્રેક પેન્ટ ઉપર લોહીનાં ડાઘા હતા, અને આ તમામ કપડાં પોલીસે તેઓની સહી લઇ, સીલ કરી કબજે કરેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ તમામ કાર્યવાહી કલાક–દોઢ કલાક ચાલેલી. વધુમાં, સદરહુ સાહેદે આરોપીઓને તથા મુદ્દામાલને કોર્ટ રૂબરૂ ઓળખી

બતાવેલ છે, અને પંચનામામાં તેમજ મુદ્દામાલમાંથી નીકળેલ પંચસ્લીપમાં તેઓની સહી હોવાનું પણ ઓળખી બતાવી સદરહુ પંચનામું આંક–૨૧ થી રજુ કરેલ છે. વધુમાં, આ કાર્યવાહી દરમ્યાન બીજા પણ એક પંચ હોવાનું જણાવી તે પંચે પણ તેઓની સાથે સહી કરેલાનું જણાવેલ છે.

સદરહુ પંચસાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જ્યારે પોલીસ સ્ટેશનની અંદર ગયા ત્યારે મુદ્દામાલનાં કપડાં ટેબલ ઉપર પડેલા હતા. સદરહુ સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ કપડાં છોકરાઓ આપતા હતા. વધુમાં તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, પંચનામું પોલીસે લખ્યું અને ત્યાર બાદ તેઓની સહી લીધેલી. વધુમાં, તેઓએ મુદ્દામાલની કોઈ વસ્તુ તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલ નહીં હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે, અને એ વાતનો પણ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે કે, જે તે વખતે આરોપીઓ પોલીસ સ્ટેશનમાં હાજર નહતા.

૧૨. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૨૯ તથા ૩૧ થી ગુન્હાનાં કામે વાપરવામાં આવેલ મુદ્દામાલ–હથિયાર કબજે કર્યાનાં પંચસાહેદ–સાલારખાન યાકુબખાન પઠાણ તથા સલીમ કાદરભાઈ શેખને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, આશરે દોઢેક વર્ષ પહેલા પોલીસે તેઓને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ, અને તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓની રૂબરૂ કોઈ પંચનામું કરવામાં આવેલ નથી કે મુદ્દામાલ હથિયાર કબજે કરવામાં આવેલ નથી, પરંતુ સદરહુ બંને પંચસાહેદોએ પંચનામામાં તેઓની સહી હોવાનું ઓળખી બતાવી સદરહુ પંચનામું આંક–૩૦ થી રજુ કરેલ છે.

સદરહુ બંને પંચસાહેદો આંક–૩૦ નાં પંચનામામાં તેઓની સહી

સિવાયની કોઇ હકીકતને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરેલ હોવા છતાં તેઓએ આંક–૩૦ નાં પંચનામાંને સમર્થન મળે તેવી કોઇજ હકીકજ જણાવેલ નથી.

સદરહુ બંને સાહેદોની આરોપીઓ તર્ફે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, જ્યારે પોલીસે તેઓને બોલાવેલ ત્યારે તેઓ તથા પોલીસ સિવાય બીજુ કોઇ ત્યાં હાજર નહતુ, અને પોલીસે ફક્ત તેઓનું નામ–સરનામું પૂછેલું, અને શું લખેલ તે વંચાવેલ નહીં.

૧૩. ત્યાર બાદ ફરિયાદ પક્ષે સદરહુ કામનાં બનાવ નજરે જોનાર સાહેદ – ચંદ્રકાંતભાઇ નાનુભાઇ સોલંકીને આંક–૩૫ થી તપાસેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, રાહુલ એટલે કે મરનાર તેઓનો ભત્રીજો થાય છે. બનાવ રાત્રીનાં આંઠ–સવાઆંઠ વાગ્યે ભાટીયા પોળમાં બનેલો, અને તે વખતે તેઓ ઘરે હતા. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ભાટીયા પોળમાં તેઓનો મરનાર ભત્રીજો–રાહુલ, આરોપીઓ–કપીલ, પ્રદીપ તથા ચિરાગ ત્યાં બેઠા હતા, અને છોકરી–દિવ્યા બાબતમાં માથાકુટ થયેલી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપી – પ્રદીપ અને કપીલે મરનારને પકડી રાખેલ, અને આરોપી–ચિરાગે મરનારને પેટમાં જમણી બાજુ મારેલ, અને ત્યાર બાદ આરોપીઓ ભાગી ગયેલા. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓનો ભત્રીજો મરનાર–રાહુલ વાગવાનાં કારણે નીચે પડી ગયેલો, અને ત્યાર બાદ તેને વાડીલાલ હોસ્પીટલમાં લઇ ગયેલા. વધુમાં તેઓએ, બનાવ તેઓની સામે બનેલો હોવાનું જણાવી, મુદ્દામાલ–છરી તેમજ આરોપીઓ – કપીલ અને પ્રદીપને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે, અને આ બાબતની ફરિયાદ તેઓની ભત્રીજી–સ્વાતીએ આપેલ હોવાનું જણાવેલ છે.

સદરહુ સાહેદની આરોપીઓ તર્ફે તેઓનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા

લંબાણપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ રાયખડમાં આવેલ કાદરીની ચાલીમાં રહે છે, અને તે ચાલીમાં લગભગ સો મકાનો આવેલા છે, અને રાયખડ બાજુથી ચાલીમાં દાખલ થતાં પંદર–વીસ મકાનો મુકી તેઓનું મકાન આવેલુ છે. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, કાદરીની ચાલીથી ભાટીયા પોળ એટલે કે બનાવસ્થળ વચ્ચે ત્રણસો થી ચારસો મીટરનું અંતર છે, અને કાદરીની ચાલીથી ભાટીયા પોળ વચ્ચે બસ્સો જેટલા રહેણાંકનાં મકાનો અને દુકાનો આવેલા છે. કાદરીની ચાલીમાંથી બહાર નીકળતા ત્રણ રસ્તા આવે, જેમાંથી એક રસ્તો રાયખડ તરફ, બીજો રસ્તો ભાટીયા પોળ તરફ અને ત્રીજો રસ્તો ગાયકવાડ હવેલી તરફ જાય, અને આ ત્રણ રસ્તા પાસે ફુટપાથ પર કોર્પોરેશન દ્વારા બેસવા માટે બાંકડા મુકવામાં આવેલા છે, અને આ બાંકડાથી ભાટીયા પોળનું અંતર આશરે પંચોતેર મીટર જેટલું થાય. વધુમાં તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, ભાટીયા પોળથી ત્રણ રસ્તા તરફ પંચોતેર મીટરનાં અંતરે એક મસ્જીદ આવેલી છે, અને આ મસ્જીદ પાસે આ બાંકડો આવેલો છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, મામાનો ગલ્લો ભાટીયો પોળનાં જે ચાર રસ્તા પડે છે ત્યાં આવેલો છે, અને આ ગલ્લા પાસેથી ભાટીયા પોળ જવાનો રસ્તો છે. તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, મસ્જીદ, ગલ્લાની પાછળ આવેલી છે. વધુમાં તેઓએ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, બનાવનાં દિવસે તેઓ, તેમનાં ભાઇઓ તથા તેની માતા ઘરે હાજર હતા, અને બનાવની ખબર પડતાં તેઓ બધાં દોડતા જગ્યા ઉપર આવેલા. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ મસ્જીદ પાસેનાં બાંકડા ઉપર ત્રણ–ચાર મિત્રો સાથે બેઠા હતા, અને બનાવ બાંકડાની આગળ ગલ્લા પાસે બનેલો, બાંકડા ઉપર ચિરાગનાં ભાઇઓ કપીલ અને પ્રદીપ બેઠેલા હતા. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ભાટીયા પોળમાં અંદરની સાઇડે દુકાનો આવેલી છે, અને આ લોકોની મગજમારી ચાલતી હતી, એ દરમ્યાન કોઇ વચ્ચે પડેલ નહીં, તેઓએ

છોડાવવા માટેનો પ્રયત્ન કરેલો. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, બનાવની જાણ થતા તેઓ દોડીને ગયા ત્યારે ચાકુ મારી દીધેલ હતુ. સદરહુ સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો છે કે, આરોપીઓ વર્ષોથી તેઓનાં વિસ્તારમાં રહે છે. વધુમાં સદરહુ સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, આરોપી નં.૧ અને ૩ ની બહેન સાથે મરનારને સબંધ હોઇ તે બાબતે ઝઘડાં થતા હતા. વધુમાં સદરહુ સાહેદે પોલીસ રૂબરૂનાં નિવેદનમાં, તેનો ભત્રીજો, કપીલ, પ્રદીપ અને ચિરાગ બેઠા હતા – તેવુ લખાવેલ નહીં હોવાનો સ્વીકાર કરેલો છે. વધુમાં સદરહુ સાહેદે એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, તેને જે છરી બતાવવામાં આવે છે તે એકદમ નવી છે, અને તેની ઉપર કોઇ નિશાન નથી.

૧૪. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૩૭ થી સાહેદ–ભીખાભાઇ હનુમાનભાઇ કહારને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ભાટીયા પોળનાં નાકે, ભાટીયા પોળ ચોકમાં "સોનલ પાન" નામનો ગલ્લો ધરાવે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી કે બનાવ અંગે કાંઇ જાણતા નથી. વધુમાં તેઓએ એવુ બનેલ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે કે, બનાવ સમયે રાત્રીનાં આંઠ વાગ્યે તેઓ ગલ્લા ઉપર હાજર હોય, અને મરનારને આ કામનાં આરોપીઓએ છરીથી પેટનાં ભાગે તેમજ ફેંફસાનાં ભાગે મારેલ હોય, અને તેને હોસ્પીટલે લઇ જતાં મરણ ગયેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ આરોપીઓ તથા મુદ્દામાલ ઓળખી શકે નહીં.

સદરહુ સાહેદ તેઓનાં પોલીસ રૂબરૂનાં નિવેદનથી તદ્દન વિરૂધ્ધની હકીકત જણાવી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ

હોવા છતાં ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇજ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણે જણાવેલ છે કે, બનાવનાં બે–ત્રણ દિવસ પછી પોલીસે તેને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશને બોલાવેલ, અને તેનું નામ–સરનામું પૂછેલું, એ સિવાય બીજી કોઇ વિગત પૂછેલી નહીં. વધુમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે શું લખેલુ તેની તેઓને ખબર નથી, અને જવાબ તેઓને વંચાવવામાં આવેલ નહીં.

૧૫. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૩૯ થી સાહેદ–કામેન્દ્ર ભાઇલાલભાઇ પરમારને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ કાદરીની ચાલી, રાયખડ ખાતે રહે છે. બનાવ તા.૧૨–૬–૨૦૧૪ નાં રોજ બનેલો. બનાવનાં દિવસે તેઓ આંઠ થી સાડાઆંઠ દરમ્યાન ઘરની બહાર બેઠા હતા તે વખતે મનોજભાઇ, સ્વાતીબેન અને શારદાબેન દોડતાં–દોડતાં જતા હતા, અને તેઓને પૂછતાં તેઓએ જણાવેલ કે રાહુલને કોઇએ ખંજર મારી દીધેલ છે, જેથી તેઓએ પણ તેમની સાથે જઇને જોતાં, ત્યાં રાહુલ લોહી–લુહાણ હાલતમાં પડેલો હતો. ત્યાર બાદ તેઓ તેમની મારૂતી વાનમાં રાહુલને વી.એસ.હોસ્પીટલ ખાતે લઇ ગયેલ, જ્યાં ડોકટરે તેને મરણ ગયેલ જાહેર કરેલ. વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે, ચંદ્રકાંતભાઇએ તેઓને એવુ જણાવેલ કે, એક ચિરાગ, કપીલ અને પદીયાએ રાહુલને મારેલ છે. આ અંગે પોલીસે તેઓનાં લખાવ્યા મુજબ તેઓનો જવાબ લીધેલ હોવાનું જણાવી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદરહુ સાહેદની આરોપીઓ તર્ફે તેઓનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે, જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, તેઓ

બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે મરનાર રાહુલ જમીન ઉપર પડેલો હતો, અને ત્યાં માણસોનું ટોળું ભેગુ થયેલુ હતુ. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, પોલીસે જવાબ તેઓને વંચાવેલો નહીં. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, આરોપીઓ તેઓનાં વિસ્તારમાં રહે છે, અને તેઓ વર્ષોથી આરોપીઓને ઓળખે છે. વધુમાં તેઓએ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, કાદરીની ચાલીનો મુખ્ય રસ્તો જય શંકર સુંદરી હોલની સામેથી પડે છે, અને ત્યાંથી ભાટીયા પોળનું અંતર અઢીસો મીટર જેટલું હશે. વધુમાં તેઓએ મરનારને હોસ્પીટલે લઇ ગયેલ નથી, અને બનાવ વિશે તેઓ કાંઇ જાણતા નહીં હોવાનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલો છે.

૧૬. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૪૦ થી સાહેદ–વસંતભાઇ ચંદુલાલ ટોપરાણીને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમનાં સોગંદ પરનાં પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ભાટીયા પોળ, રાયખડ, અમદાવાદ ખાતે રહે છે, અને બનાવ વખતે પણ તેઓ ત્યાંજ રહેતા હતા, અને ભાટીયા પોળ ચોકમાં પાન–મસાલાનો ધંધો કરે છે. તેઓએ જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ બહાર હતા, અને બનાવ અંગે તેઓ કાંઇ જાણતા નથી અને બનાવ ક્યારે બનેલ તે પણ તેઓ જાણતા નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, એવુ કાંઇ બનેલ નહીં કે મરનાર રાહુલ તથા ચિરાગની બહેન–દિવ્યા વચ્ચે પ્રેમસબંધ બાબતે ઝઘડો થયેલો, તેથી આ કામનાં આરોપીઓએ રાહુલને મારતા તે મરણ ગયેલ, તે સિવાય બીજુ કાંઇ તેઓ જાણતા નથી. તેઓએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદરહુ સાહેદ તેઓનાં પોલીસ રૂબરૂનાં નિવેદનથી તદ્દન વિરૂધ્ધની હકીકત જણાવી ફરિયાદ પક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ સદરહુ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરાવી તેઓની ઉલટતપાસ કરેલ હોવા

છતાં તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન મળે તેવી કોઇજ હકીકત જણાવેલ નથી.

સદરહુ સાહેદની આરોપીઓ તર્ફે તેઓનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ વાત ખરી હોવાનું જણાવેલુ છે કે, પોલીસે ફક્ત તેઓનું નામ–સરનામું પૂછેલુ, એ સિવાય કોઇ હકીકત પૂછેલી નહીં અને તેઓએ લખાવેલ નહીં. વધુમાં તેઓએ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ હાજર નહતા, અને આરોપીઓ તેઓનાં વિસ્તારમાં રહેતા હોઇ કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

૧૭. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૪૨ થી સાહેદ–બાબુભાઇ શીતલભાઇ કહારને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ભાટીયા પોળની ચોકમાં ચેતન બુક બાઇન્ડીંગ વર્ક નામની દુકાન ધરાવે છે. બનાવ અંદાજે અઢી–ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ અંગે તેઓ કાંઇ જાણતા નથી. વધુમાં તેઓએ એવુ કાંઇ બનેલ હોવાનો ઇન્કાર કરેલો છે કે, મરનાર–રાહુલ ભાટીયા પોળમાં બેઠો હોઇ, અને આ કામનાં આરોપીઓએ આવી પેટ તથા ફેંફસાનાં ભાગે તેને ચપ્પાનાં ઘા મારેલ હોય. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ મહોલ્લાનાં હોઇ તેઓને ઓળખે છે.

સદરહુ સાહેદ પણ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન મળે તેવી કોઇજ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદરહુ સાહેદની આરોપીઓ તર્ફે તેઓનાં વિદ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે.

૧૮. ત્યાર બાદ ફરિયાદ પક્ષે સદરહુ કામે મરણજનાર રાહુલનાં પિતા– મનોજભાઈ નાનુભાઈ સોલંકીને આંક–૪૪ થી સોગંદ પર તપાસેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ "શ્રી રામ એપાર્ટમેન્ટ" કાદરીની ચાલી, રાયખડ, અમદાવાદ ખાતે રહે છે, અને બનાવ વખતે પણ ત્યાંજ રહેતા હતા. બનાવ તેઓનાં નાના દીકરા–રાહુલ સાથે બનેલો. તેઓનાં દીકરા–રાહુલને આરોપી–ચિરાગની બહેન–દિવ્યા સાથે પ્રેમસબંધ હતો, ત્યાર બાદ દિવ્યાની સગાઇ થતાં મરનારે તેની સાથે બોલવાનું બંધ કરી દીધેલ, તેમ છતાં દિવ્યાનાં ફોન અવાર–નવાર મરનાર–રાહુલ ઉપર આવતા હતા, અને આ બાબતે મરનાર–રાહુલને આરોપી–ચિરાગ સાથે બોલાચાલી થયેલી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ તા.૧૨–૬–૨૦૧૪ નાં રોજ બનેલો. તેઓનો દીકરો મરનાર–રાહુલ પોણાઆંઠ વાગ્યે જમીને બહાર નીકળેલો, અને તેઓ ઘરે હાજર હતા, તે વખતે તેઓની મમ્મીને ત્યાં એક છોકરાએ આવી જણાવેલ કે, રાહુલને કોઇએ ખંજર મારેલ છે, તેથી તેઓની મમ્મીએ તેઓનાં ઘરે આવી નીચેથી બુમ મારી જણાવેલ કે રાહુલને કોઇ ખંજર મારેલ છે, જેથી તેઓ, તેઓની દીકરી અને તેઓનાં મમ્મી બનાવસ્થળે ગયેલા, જ્યાં તેઓનો દીકરો મરનાર–રાહુલ લોહીલુહાણ હાલતમાં પડેલ હતો, અને તેને પેટનાં ભાગે તેમજ છાતીનાં ભાગે ઘા મારેલાનું જણાયેલ. વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે, ત્યાર બાદ તેઓનાં ભાઇ–ચંદ્રકાંતભાઇએ તેઓને જણાવેલ કે, “રાહુલને પદીયો અને કપીલે પકડી રાખેલ અને ચિરાગે ખંજરથી મારેલ.” ત્યાર બાદ તેઓ, તેમની દીકરી અને કામેન્દ્ર મરનાર–રાહુલને વાનમાં લઇને વી.એસ.હોસ્પીટલ ગયેલા, જ્યાં ડોકટરે તેને મરણ ગયેલ જાહેર કરેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓનાં મરનાર દીકરા–રાહુલને આરોપી–ચિરાગની બહેન સાથે પ્રેમસબંધ હોઇ આરોપીઓએ તેનું ખૂન કરેલ છે તેમ જણાવી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, અને બનાવવાળી જગ્યાએ તેઓ પહોંચ્યા ત્યારે સો થી દોઢસો માણસોનું ટોળું ભેગુ થયેલ હતુ, અને મરનાર–રાહુલ ડામરનાં રોડ ઉપર પડેલો હતો. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, તેઓનાં ભાઇ–બીરજુભાઇ અને ભાભી અમદાવાદ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે, અને તેઓ બંને બનાવવાળી જગ્યાએ આવેલા નહીં. વધુમાં તેઓએ એ વાતનો ઇન્કાર કરેલો છે કે, રાહુલને પદીચા અને કપીલે પકડી રાખેલ અને ચિરાગે ખંજર મારેલાની હકીકત તેઓનાં ભાઇ–ચંદ્રકાંતે જણાવ્યાનું તેઓ ખોટું જણાવે છે. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, દિવ્યા આરોપીઓ પૈકી કોઇની સગી બહેન થતી નથી. તેઓએ એ વાતનો ઇન્કાર કરેલો છે કે, આ દિવ્યાનાં કારણે તેઓએ આરોપીઓનાં નામ ખોટી રીતે આપેલ છે.

૧૯. ત્યાર બાદ ફરિયાદ પક્ષે સદરહુ ગુન્હાનાં ફરિયાદી–સ્વાતી મયુરભાઇ સોલંકીને આંક–૪૬ થી સોગંદ પર તપાસેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેણીનાં લગ્ન ભરૂચ ખાતે થયેલા છે, અને તેણીનું પિયર અમદાવાદ ખાતે એફ/૨, "શ્રી રામ એપાર્ટમેન્ટ", રાયખડ, અમદાવાદ ખાતે છે, અને તેઓને ત્રણ બહેનો તથા એક ભાઇ મરનાર રાહુલ હતો, અને રાહુલને તેનાં મિત્ર/આરોપી–ચિરાગની બહેન સાથે પ્રેમસબંધ હતો, ત્યાર બાદ દિવ્યાની સગાઇ થતાં મરનાર–રાહુલે તેની સાથે બોલવાનું બંધ કરી દીધેલ. ત્યાર બાદ તેણીએ મરનારને ભરૂચ ખાતે બોલાવી લીધેલ, પરંતુ તેમ છતાં અમદાવાદથી દિવ્યા તથા ચિરાગ તેને ફોન કરી અમદાવાદ આવી જવા જણાવતા હતા, જેથી તેઓનો મરનાર ભાઇ અમદાવાદ પરત આવી ગયેલો, અને ત્યાર બાદ બે–ત્રણ દિવસમાં સદરહુ બનાવ બનેલો. વધુમાં તેણીએ જણાવેલ છે કે, બનાવનાં દિવસે

રાત્રીનાં પોણાઆંઠ વાગ્યે તેણી તેનાં કુટુંબ સાથે જમવા બેઠી હતી, અને મરનાર રાહુલ જમીને ઘરની બહાર જતો રહેલ, ત્યાર બાદ આંઠ–સવાઆંઠ વાગ્યાનાં ગાળામાં તેણીની દાદી–શારદાબેને આવી બુમ પાડેલ કે, "રાહુલને કોઇએ ખંજર મારેલ છે". જેથી તેણી, તેણીનાં પિતા દોડીને મામાનાં ગલ્લા પાસે ગયેલા, જ્યાં ઘણી પબ્લીક હતી અને ત્યાં મરનાર રાહુલ લોહીલુહાણ હાલતમાં પડેલ હતો, અને તેને ફેંફસાં અને આંતરડાનાં ભાગે વાગેલુ હતુ, અને મોંમાથી પણ લોહી નીકળતુ હતુ, અને આ બાબતે તેણીનાં કાકા–ચંદ્રકાંતભાઇને પૂછતાં તેઓએ જણાવેલ કે, "રાહુલને ચિરાગ પદીયો અને કપીલને મારેલું છે". વધુમાં તેણીએ જણાવેલ છે કે, કપીલ અને પદીયાએ તેણીનાં ભાઇનાં હાથ પકડી રાખેલ, અને ચિરાગે તેની પાસેનાં ખંજરથી તેણીનાં મરનાર ભાઇને મારેલ. ત્યાર બાદ તેણી અને તેણીનાં પપ્પા મરનાર રાહુલને કામેન્દ્રભાઇની વાનમાં વી.એસ.હોસ્પીટલ લઇ ગયેલ, જ્યાં ડોકટરે રાહુલને મૃત જાહેર કરેલ. આ અંગે તેણીએ ફરિયાદ આપેલાનું જણાવી સદરહુ ફરિયાદ આંક–૪૭ થી રજુ કરેલ છે. વધુમાં, તેણીએ કોર્ટ રૂબરૂ આરોપી – કપીલ તથા પદીયાને ઓળખી બતાવેલ છે.

સદરહુ ફરિયાદીની આરોપીઓ તર્ફે તેઓનાં વિદ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલી છે, જેમાં તેણીએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, કોઇ છોકરો બનાવ અંગે શારદાબેનને કહી ગયેલો, અને શારદાબેને તેણીને કહેવાથી તેણીને બનાવ અંગે જાણ થયેલી. વધુમાં તેણીએ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, તેણી બનાવસ્થળે પહોંચી ત્યારે ઘણાં માણસોનું ટોળું ભેગુ થઇ ગયેલુ, અને રાહુલ જમીન ઉપર પડેલો હતો. વધુમાં તેણીએ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, તેણી મરનારને લઇને તુરંત હોસ્પીટલે જતી રહેલી, અને હોસ્પીટલે તેની સારવાર શરૂ કરવામાં આવેલી, જ્યાં ડોકટરે તેને તુરંત મૃત જાહેર કરેલ. વધુમાં તેણીએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, હોસ્પીટલમાંથી તેણીને સીધી પોલીસ સ્ટેશન લઇ ગયેલ, પોલીસ સ્ટેશને તેણી અને

તેણીનાં પપ્પા ગયેલા. તેણીએ એ હકીકતનો ઈન્કાર કરેલો છે કે, તેણીનાં કાકા–બીરજુભાઇ અને કાકી પણ પોલીસ સ્ટેશને આવેલ. તેણીએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, તેણી બનાવસ્થળે ગયેલી ત્યારે બનાવ બની ગયેલો, તેણીએ બનાવ નજરે જોયેલ નથી. તેણીએ એ વાતનો પણ સ્વીકાર કરેલો છે કે, આરોપી–ચિરાગની બહેન સાથેનાં સબંધનાં કારણે મરનારને આ લોકો સાથે અવાર–નવાર ઝઘડાં થતા હતા. તેણીએ એ હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરેલો છે કે, આ ઝઘડાની અદાવતનાં કારણે તેણીએ આરોપીઓને સદરહુ કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેણીએ ફરિયાદમાં એવુ લખાવેલાનો સ્વીકાર કરેલો છે કે, “ચિરાગ તથા તેનાં કુટુંબી ભાઇ પ્રદીપ ઉર્ફે પદીયો તથા ચિરાગનો મિત્ર તેનાં નામ ઠામની ખબર નથી તેઓએ ભેગા મળી માર મારેલ". વધુમાં તેણીએ ફરિયાદમાં એ હકીકત નહીં લખાવેલાનો પણ સ્વીકાર કરેલો છે કે, “ત્યાર બાદ મેં મારા ભાઇને ભરૂચ બોલાવેલ જ્યાં તે મારી સાથે રહીને જોબ કરતો હતો. તેનાં ઉપર અમદાવાદથી દિવ્યા તથા ચિરાગનાં ફોન આવતા હતા અને જણાવતા હતા કે તું અમદાવાદ આવી જા. ત્યાર બાદ મારો ભાઇ અમદાવાદ પાછો આવી ગયેલ અને બે–ત્રણ દિવસમાં આ બનાવ બનેલ.”

૨૦. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૫૦ થી ડો.કલ્પેશ સોમચંદભાઇ કોટારીયાને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૩–૬–૨૦૧૪ નાં રોજ તેઓ તેમની ફરજ ઉપર હતા તે દરમ્યાન પોલીસયાદી, પંચનામું તથા મરણોત્તર ફોર્મ સાથે મરનાર–રાહુલનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે આવતા તેઓએ સવારનાં ૧૦.૫૫ કલાકે પોસ્ટમોર્ટમ શરૂ કરી બપોરે ૧.૧૫ કલાકે પૂર્ણ કરેલ. વધુમાં, સદરહુ સાહેદે જણાવેલ છે કે, આ લાશ એક બાવીસ વર્ષનાં પુરૂષની હતી, અને તેનાં કપડાં લોહીથી ખરડાયેલા હતા, જકડાઇ જવાની પ્રક્રિયા આખા શરીર ઉપર પૂર્ણ

તબક્કામાં જોવા મળેલ, પી.એમ.લીવીડીટી પ્રેશર એરિયા સિવાય શરીરનાં પાછળનાં ભાગે જોવા મળેલ, આંખો અને મોં અર્ધખુલ્લા હતા, જીભ મોં ની અંદર હતી. એક સ્ટેબ વુંડ જમણી નીપલથી ૮.૫ સે.મી. નીચે અને છાતીની આગળનાં ભાગે ત્રાંસો નીચે તેમજ જમણી તરફનો ૩.૫ સે.મી. ની લંબાઇનો શાર્પ કટ હતો, બીજો સ્ટેબ વુંડ દુંટીથી ૯ સે.મી. નીચે અને પેટની મધ્યરેખાથી ૭ સે.મી. જમણે ૪ સે.મી. લંબાઇનો હતો, અને આ ઘા માંથી આંતરડાં બહારની તરફ આવી ગયેલા જોવા મળેલા, તેમજ ડાબા ઘુંટણની તુરંત નીચે ૩.૧ સે.મી. સાઇઝનો લાલ કલરનો ઉઝરડો જોવા મળેલ. વધુમાં, તેઓએ જણાવેલ છે કે, આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. વધુમાં, સદરહુ સાહેદે મરનારને થયેલ આંતરિક ઈજા નં.૧૭/૧ નું વર્ણન કરી જણાવેલ છે કે, સદરહુ ઈજાઓનાં કારણે બંને ફેંફસાં ફેઈલ હતા, તેમજ હૃદય અને છાતીનાં પોલાણમાં આશરે બે લીટર જેટલું પ્રવાહી બ્લડ જોવા મળેલ. વધુમાં સદરહુ સાહેદે મરનારને થયેલ પેટલનાં પોલાણની ઈજા નં.૧૭/૨ નું વર્ણન કરી જણાવેલ છે કે, પેટનાં પોલાણનાં અન્ય અવયવો ફેઈલ હતા, અને મરનારનું મૃત્યુ પી.એમ.રિપોર્ટમાં કોલમ નં.૨૩ માં જણાવ્યા પ્રમાણે સ્ટેબ ઈન્જરીનાં કારણે આઘાત લાગવાથી થયેલુ. વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે, મરનારનાં કપડાં, વીંટી તેમજ લોહીનાં નમુનાં સીલબંધ હાલતમાં પોલીસને સોંપેલ. વધુમાં, સદરહુ સાહેદે મરનારને થયેલ ઈજાઓ મુદ્દામાલ આર્ટીકલ-ખંજરથી થઇ શકે તેવી હોવાનું જણાવેલ છે. સદરહુ સાહેદની જુબાની દરમ્યાન ફરિયાદ પક્ષે આંક-૫૧ થી પી.એમ.રિપોર્ટ તેમજ આંક-૫૨ થી પી.એમ. અંગેની યાદી રજુ કરેલ છે.

સદરહુ સાહેદની આરોપીઓ તર્ફે તેઓનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે, જેમાં તેઓએ એ વાતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે કે, કોઇ વ્યક્તિ ધારદાર સળીયા ઉપર પડે તો કોલમ નં.૧૭ માં જણાવેલ ઈજાઓ થઇ

શકે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આવી ઈજાઓ શાર્પ વેપનથી થઇ શકે, પરંતુ આજ હથિયારથી થઇ શકે તે ચોક્કસ કહી શકે નહીં. વધુમાં સદરહુ સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો છે કે, તેઓને જે હથિયાર બતાવવામાં આવેલ છે તે નવું છે, અને તેનાં ઉપર લોહીનાં કોઇ ડાઘ જણાતા નથી.

૨૧. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૫૬ થી સાહેદ–દશરથસિંહ ઇન્દ્રસિંહ સિસોદીયાને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ ફરિયાદી–સ્વાતીબેનની ફરિયાદ તેઓનાં લખાવ્યા મુજબ લખી લઇ આગળની તપાસ સિનિયર પોલીસ ઇન્સ્પેકટને સોંપેલી.

૨૨. ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૬૨ થી તપાસ કરનાર અમલદાર – વિનોદરાય મેહેરામભાઈ સેલારને સોગંદ પર તપાસેલા છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ ગુન્હાની તપાસ તેઓએ સંભાળી, ગુન્હાવાળી જગ્યાની મુલાકાત લીધેલ, સાહેદોનાં નિવેદનો લીધેલ, મરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ તથા મરણોત્તર ફોર્મ ભરાવી લાશનું પી.એમ. કરવા માટે મોકલી આપેલ, એફ.એસ.એલ.નાં અધિકારીને બનાવવાળી જગ્યાએ બોલાવી તેઓની સૂચના મુજબ અને પંચો રૂબરૂ પંચનામાંની વિગતે નમુના એકઠાં કરેલા તેમજ પંચો રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ, આરોપી–ચિરાગનાં પિતાનું નિવેદન લીધેલ અને આરોપી–ચિરાગનાં પિતાએ ત્રણેય આરોપીઓને પોલીસ સ્ટેશનમાં રજુ કરતા તેઓની શરીરસ્થિતિનું પંચનામું કરેલ, આરોપીનાં વિગતવારનાં નિવેદન લઇ તેઓની અટક કરેલ. વધુમાં સદરહુ સાહેદે જણાવેલ છે કે, ત્યાર બાદ આરોપી–ચિરાગે ગુન્હાનાં કામે વાપરેલ હથિયાર રજુ કરવા સ્વખુશી બતાવતા પંચો રૂબરૂ મુદ્દામાલ–છરી તથા અન્ય મુદ્દામાલ કબજે કરેલ, તેમજ

ડોકટરે પોસ્ટમોર્ટમ દરમ્યાન મરનારનાં કબજે કરેલ કપડાં તથા બ્લડ સેમ્પલ વિગેરે પંચો રૂબરૂ પંચનામાંની વિગતે કબજે કરી એફ.એસ.એલ.માં મોકલી, આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ. વધુમાં, તેઓએ મુદ્દામાલ આર્ટી.નં.૧૬ વાળુ ખંજર જોઈને તે કબજે કરેલ તેજ હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં, સદરહુ સાહેદની જુબાની દરમ્યાન ફરિયાદ પક્ષે સાક્ષીઓનાં લેવામાં આવેલ નિવેદનોનાં વિરોધાભાસ સાબીત કરવાનો પ્રયત્ન કરેલ છે.

સદરહુ સાહેદની આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે, જેમાં તેઓ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહેલા છે.

૨૩. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. જેથી, આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે અને કડીબધ્ધ પુરાવાઓથી સાબીત કરવાની જવાબદારી પણ ફરિયાદ પક્ષ ઉપર રહેલી છે. ફોજદારી કાર્યવાહીનાં આ પ્રસ્થાપિત સિધ્ધાંતનાં પરિપ્રેક્ષ્યમાં ફરિયાદ પક્ષ તર્ફે રજુ થયેલ ઉપરોક્ત પુરાવાનું મૂલ્યાંકન કરવુ જરૂરી છે. સદરહુ કામે, મરનાર–રાહુલ આરોપી નં.૧ ની બહેન સાથે પ્રેમસબંધ રાખતો ન હોવાથી તેની અદાવત રાખી આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરનાર–રાહુલનું ખૂન કરી સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કરેલાનો આક્ષેપ છે. જેથી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ સાથે વાંચતા કલમ–૩૦૨ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનાં ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલુ છે. આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૦ તથા ૩૦૨ ધ્યાને લેવી આવશ્યક છે, જે નીચે મુજબ છેઃ

*૩૦૦ ખૂનઃ–*

*હવે પછી અત્રે દર્શાવેલા અપવાદોનાં કિસ્સા સિવાય સાપરાધ મનુષ્યવધ તે ખૂન છે,*

*જો જેથી મૃત્યુ નિપજ્યું હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા*

*બીજું – જો ગુન્હેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યક્તિને શારીરિક હાની પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે, અને તેવી શારીરિક હાની પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા*

*ત્રીજું – જો, કોઇ વ્યક્તિને શારીરિક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય અને શારીરિક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય, અથવા*

*ચોથું – જો, કૃત્ય કરનાર વ્યક્તિને જ્ઞાન હોય કે તે એવુ તત્કાલીન ભયજનક છે કે તમામ શક્યતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાથી મૃત્યુ નિપજવાની પૂરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવાનાં કોઈજ કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.*

*૩૦૨ – ખૂન માટે સજાઃ–*

*કોઈ પણ વ્યક્તિ, ખૂન કરે તેને દેહાંતદંડ અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.*

ઉપરોક્ત કલમો ધ્યાને લેવામાં આવે તો ખૂન ગણાય તેવા સાપરાધ મનુષ્યવધમાં પ્રથમ ત્રણ પ્રકારમાં વ્યક્તિનો ઈરાદો અને માનસિક તત્વ અગત્યનું છે. પ્રથમ પ્રકારમાં અગત્યનું તત્વ ઈરાદો છે, બીજા પ્રકારમાં ઈરાદો તથા જ્ઞાન, અને ત્રીજા પ્રકારમાં શારીરિક ઈજા પહોંચાડવાનો ઈરાદો તથા મૃત્યુ નિપજાવવા માટેની સંભાવનાની ઉંચી માત્રા અગત્યની છે, જ્યારે ચોથા પ્રકારમાં મૃત્યુ જ નિપજે તેવુ કૃત્ય જ્યારે ગુન્હાહિત જ્ઞાન સાથે કરવામાં આવે ત્યારે જે કારણે મૃત્યુ નિપજેલ મનુષ્યવધ

ખૂન ગણાય. ત્રીજા પ્રકારમાં મહત્વનું તત્વ કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજે તે છે. તેથી આ પ્રકારોનું વિશ્લેષણ કરવામાં આવે તો નીચે મુજબનાં તત્વો સ્પષ્ટ થાય છે.

- મૃત્યુ પામનારની શરીર ઉપર ઈજા.
- આ ઈજા આરોપીએ પહોંચાડી હોય.
- તેવી ઈજા પહોંચાડવાનો આરોપીનો ઈરાદો હોય એટલે કે અકસ્માત કે ઈરાદા વગર અન્ય કોઈ રીતે ઈજા થવા પામી ન હોય, તથા
- તેવી શારીરિક ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમાં માનવીનું મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોય.

આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ પુરવાર કરવા માટેનાં આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી છે, અને તે પુરવાર થાય ત્યારે જ આરોપીઓએ ગુન્હો કરેલાનું સાબીત માની શકાય. સદરહુ જે તત્વો નિઃશંકપણે પુરવાર કરવા આવશ્યક છે તે નીચે મુજબ છેઃ

૧. સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય,

૨. આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યો હોય,

૩. જે કારણે ભોગબનનારનું મૃત્યુ નિપજયું હોય,

૪. આરોપીએ કરેલુ કૃત્ય –

- મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા
- આરોપીને જ્ઞાન હોય કે જે વ્યક્તિને શારીરિક હાની પહોંચી છે તે તેનું મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરિક હાનિ પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય, અથવા
- શારીરિક હાનિ પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય તથા જે ઈજા

પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોય, અથવા

– કૃત્ય કરનાર વ્યક્તિને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીન એવુ ભયજનક છે કે તમામ શક્યતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાનાં કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવા માટેનાં કોઈ જ કારણ વગર કૃત્ય કરવામાં આવ્યુ હોય,

૫. કરવામાં આવેલુ કૃત્ય કલમ–૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈ અપવાદમાં અથવા પ્રકરણ–૪ નાં સામાન્ય અપવાદમાં પડતુ ન હોય.

જ્યારે પણ ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત સમક્ષ ગુન્હાનો મુકદ્દમો ચાલે ત્યારે આરોપીનું કૃત્ય ખૂન છે કે કેમ તે નક્કી કરવાનો પ્રશ્ન હંમેશા રહે છે. આ બાબત નક્કી કરવામાં સાહેદો, તબીબી પુરાવો, નિષ્ણાંતોનો અભિપ્રાય વિગેરે વિવિધ પાસાઓ ભાગ ભજવે છે. તેથી મહત્વની બાબત ખૂન કરનારની માનસિક અવસ્થા કે માનસિક પ્રક્રિયા હોય છે. એ પણ નોંધવુ જરૂરી છે કે, જે પુરાવાનો બોજો છે તે ફરિયાદ પક્ષ ઉપર છે, અને માનવીનું મૃત્યુ અનેક કારણોસર નિપજે છે. જેથી, ફરિયાદ પક્ષે પ્રથમ એ બાબત પુરવાર કરવાની રહે છે કે, મૃત્યુ મનુષ્યવધનાં કારણે થયુ છે, ત્યાર બાદ એ પુરવાર કરવાનું રહે છે કે, મનુષ્યવધ સાપરાધ મનુષ્યવધ છે. સાપરાધ મનુષ્યવધ આંતરિક અથવા બાહ્ય ઈજાનાં કારણે નિપજી શકે છે. બાહ્ય ઈજાનાં કારણે થતી આંતરિક ઈજાથી નિપજી શકે, શરીરનાં મહત્વનાં અને માર્મિક અવયવોની ક્રિયાશીલતાને ઘાતક અસર પહોંચાડવાથી મૃત્યુ નિપજી શકે છે. કલમ–

૩૦૦ માં ખૂનની વ્યાખ્યા કરવામાં આવેલી છે, અને આ કલમમાં જ આવશ્યક તત્વો જણાવવામાં આવેલા છે, તે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર રહેલી છે. ફરિયાદ પક્ષ તર્ફે પુરાવાની માત્રા, ગુણવત્તા એ પ્રકારની તથા કક્ષાની હોવી જોઇએ કે ગુન્હો નિઃશંકપણે તમામ શંકાથી પર પુરવાર થાય કારણકે, ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર છે , અને આ બોજો ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન ક્યારેય ખસતો નથી કે હળવો થતો નથી. ફરિયાદ પક્ષે આરોપીઓને આરોપ સાથે સાંકળતો પુરાવો રજુ કરવો પડે અને તે કોઇપણ શંકારહિત પુરવાર કરવો પડે. આવો પુરાવો લેખિત, મૌખિક કે સાંયોગિક પણ હોઇ શકે. ફોજદારી કાર્યવાહીમાં અગત્યનું તત્વ ઈરાદાનું તત્વ છે. ઈરાદાનું તત્વ માનસિક પ્રક્રિયાનાં કારણે બંધાતી માનસિક અવસ્થા છે, અને આ માનસિક અવસ્થા બાબતે જવલ્લે જ લેખિત પુરાવો ઉપલબ્ધ થાય. માનસિક અવસ્થા તથા ગુન્હો કરવાનાં સમયની માનસિક પ્રક્રિયા વ્યક્તિનાં વર્તન ઉપરથી તથા સમય અને સંજોગો ઉપરથી ફલીત થાય. જેથી, ફોજદારી કાર્યવાહીમાં મૌખિક પુરાવો અગત્યનો ભાગ ભજવે છે. પુરાવો મૌખિક હોય કે લેખિત હોય કે સાંયોગિક હોય, નિર્ણાયક પરિબળ પુરાવાની વિશ્વસનીયતા છે, અને જ્યારે કોઇપણ પ્રકારનો પુરાવો હોય અને તેમાં શંકાનું તત્વ પ્રવેશે, તેમાં જ્યારે શંકાને સ્થાન હોય ત્યારે આવો પુરાવો ફરિયાદ પક્ષની નિષ્ફળતામાં પરિણમે. એ પણ એક સુસ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા આખરે શંકા છે, તે ગમે તેટલી દ્રઢ હોય તો પણ સાબિતીનું સ્થાન લઇ શકે નહીં. પ્રત્યેક કિસ્સામાં આરોપીનું વર્તન અલગ પ્રકારનું હોય છે. હકીકત, સંજોગો, ભોગબનનારની સ્થિતિ, સ્થળ, સમય, ઇજા, હથિયાર, મૃત્યુનું કારણ વિગેરેમાં ભિન્નતા હોય છે, અને તે કારણે પ્રત્યેક કેસનો નિર્ણય, વ્યક્તિગત કેસનાં સંજોગો અને પુરાવાઓ તથા હકીકત ઉપરથી કરવાનો રહે છે, પરંતુ ક્યા સંજોગોમાં કેવો પુરાવો વિશ્વસનીય ગણાય અથવા ન ગણાય તે માટે નામદાર સર્વોચ્ચ

અદાલત તથા વિવિંધ નામદાર ઉચ્ચ અદાલતોના માર્ગદર્શક ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી છે, અને તેને અનુરૂપ કિસ્સામાં લાગુ પાડી શકાય. ફોજદારી કાર્યવાહી સંદર્ભે ઉપરોક્ત પૂર્વભૂમિકા ધ્યાને લઈ મારી સમક્ષ જે કાંઈ પુરાવો રજુ થયેલ છે તેની ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

૨૪. ઉપરોક્ત પ્રસ્થાપિત સિધ્ધાંત તેમજ જે આવશ્યક તત્વો છે તે ધ્યાનમાં લેતાં, મારી સમક્ષ જે પુરાવો રજુ થયેલ છે તેની ચર્ચા કરવી આવશ્યક જણાય આવે છે.

આ કામમાં આંક–૧૩ થી પંચસાહેદ–વિશાલ જયંતિલાલ ભટ્ટીને તપાસવામાં આવેલ છે કે જેઓની રૂબરૂમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલુ, જે આ કામે આંક–૧૪ થી રજુ થયેલ છે. આ પંચસાહેદે પંચનામાંને સમર્થન આપેલ છે, તેમજ મુદ્દામાલ આર્ટીકલ કે જેમાં કોટન ગોઝપીસ તેમજ કંટ્રોલ ડામરમાંથી નીકળેલ પંચસ્લીપમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેઓની ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે, બનાવની જાણ પોલીસે તેમને કરેલી, અને આ અગાઉ પણ તેઓ બે–ત્રણ વખત પંચમાં રહેલા છે, અને કોર્ટમાં જુબાની આપેલી છે. તેમજ તેઓએ એ પણ કબુલ કરેલ છે કે, તેઓ નાગરિક સંરક્ષણ દળની ડ્યુટી હવેલી પોલીસ સ્ટેશનમાં કરે છે, અને બંદોબસ્ત હોય તો તેઓ ત્યાં જાય છે.

પંચસાહેદ–અનવરહુશેન ગુલામહુશેન શેખ કે જેઓને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે, તેઓએ આંક–૨૧ નું પંચનામું કે જે આરોપીઓએ કપડાં રજુ કરેલા તે અંગેનું છે તેને સમર્થનકારક પુરાવો રજુ કરેલો છે, અને તમામ આરોપીઓએ તેઓની રૂબરૂમાં કપડાં રજુ કરેલ હોવાનું જણાવેલ છે, તેમજ જે મુદ્દામાલ આર્ટીકલ છે તે પણ ઓળખી બતાવેલ છે, અને તેમાંની જે પંચસ્લીપો છે તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેઓની ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે, શા બાબતથી

કપડાં રજુ કરેલા તેની તેઓને જાણ નથી, અને કપડાં ઉપર શાનાં ડાઘા હતા તે ચોક્કસ કહી શકે નહીં, અને તેઓ આરોપીઓને કોર્ટમાં જોયેલ હોવાથી ઓળખી બતાવેલ હોવાનું કબુલ કરેલ છે. આમ, ઉપરોક્ત બંને પંચસાહેદો આંક–૧૪ અને ૨૧ નાં પંચનામાંની હકીકતને સમર્થન આપે છે, પરંતુ આ પંચનામાં ગુન્હાવાળી જગ્યા તેમજ કપડાં કબજે કરવા બાબતનાં છે, અને આ પુરાવાની સાથે–સાથે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેવો આવશ્યક છે. આ કામે સૌથી અગત્યનાં પંચસાહેદો કે જેઓને આ કામે અનુક્રમે આંક–૨૯ તથા ૩૧ થી તપાસવામાં આવેલા છે કે જેઓની રૂબરૂ ગુન્હામાં વપરાયેલ હથિયાર કબજે કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે, તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે, અને વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને કે, આંક–૩૦ નું પંચનામું કે – તેઓની રૂબરૂ આરોપીએ જે જગ્યાએ મુદ્દામાલ ફેંકી દીધેલ તે જગ્યા બતાવેલ હોવા બાબત, અને ત્યાંથી કહેવાતો મુદ્દામાલ – છરી અથવા ખંજર જેવું હથિયાર કબજે લીધેલ હોવા બાબતનો લેશમાત્ર પુરાવો આપતા નથી, અને આ સબંધે ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા નથી. સદરહુ બંને પંચસાહેદોએ ઉલટતપાસમાં સ્પષ્ટ કબુલ કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનું નામ અને સરનામું પૂછેલું, અને જવા દીધેલા, અને શું લખાણ લખેલું તે વંચાવેલ નહીં. તેથી સદરહુ બંને પંચસાહેદો તેઓની હાજરીમાં ગુન્હામાં વપરાયેલ મુદ્દામાલ રિકવર કરેલ હોવા બાબતે કોઇ પુરાવો રજુ કરતા નથી, અને ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા નથી.

૨૫. આ કામે સાહેદ–ચંદ્રકાંતભાઇ નાનુભાઇ સોલંકીનો આંક–૩૫ નો પુરાવો ધ્યાને લેતાં, તેઓને ફરિયાદ પક્ષે બનાવ નજરે જોનાર સાહેદ તરીકે વર્ણવેલા છે, અને તેઓની જુબાની ઉપર આધાર રાખેલો છે, અને તેઓએ એવો પુરાવો રજુ કરેલો છે કે,

તેઓ બનાવસ્થળે હાજર હતા, અને ત્યારે આરોપીઓએ ગુજરનારને પકડી રાખેલ, અને આરોપી–ચિરાગે ચપ્પાથી પેટનાં ભાગે ઈજાઓ કરેલ હતી, અને તેઓએ આરોપીઓ – પ્રદીપ અને કપીલને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેઓએ એવુ જણાવેલ છે કે, ગુજરનારને પ્રદીપ અને કપીલે પકડી રાખેલ, જ્યારે ચીરાગે ચપ્પુ મારેલ હતુ, અને આ બનાવ તેમની સામે બનેલ હતો, અને તેઓને જે છરી બતાવવામાં આવેલી તે સીલબંધ હાલતમાં હતી, અને જે સીલ તોડી બતાવતા તે ગુન્હામાં વપરાયેલ છરી હોવાનું જણાવેલ છે, પરંતુ તેઓની ઉલટતપાસ ધ્યાને લેવી ખૂબજ આવશ્યક છે, જે ધ્યાને લેતા તેઓએ સ્પષ્ટ કબુલ કરેલ છે કે, ગુજરનાર તેઓનો સગો ભત્રીજો થાય છે, અને કાદરીની ચાલીથી ભાટીયા પોળ વચ્ચેનું અંતર ત્રણસો થી ચારસો મીટર છે, અને આ બંને વચ્ચે આશરે બસ્સો જેટલા રહેણાંક મકાનો અને દુકાનો આવેલ છે, અને બહાર નીકળતા ત્રણ રસ્તા પાસે મંદીર આવેલુ છે, અને ત્યાં ફુટપાથ પાસે કોર્પોરેશન દ્વારા બાકડાં મુકવામાં આવેલા છે, અને ત્યાંથી ભાટીયા પોળનું અંતર ૭૫ મીટર જેટલું છે, અને ભાટીયા પોળ અને ત્રણ રસ્તા ઉપર મોડી રાત સુધી ઘણી વસ્તી રહે છે, અને ત્યાં એક મસ્જીદ પણ આવેલી છે, અને ભાટીયા પોળનાં ચાર રસ્તા પાસે મામાનો ગલ્લો છે. તેઓએ સ્પષ્ટ કબુલ કરેલ છે કે, "**<u>એ વાત ખરી છે કે, બનાવનાં દિવસે હું, મારા ભાઈઓ અને મારી માતા ઘરે હાજર હતા. એ વાત ખરી છે કે, ત્યાં છોકરો કહેવા આવેલ ત્યારે બનાવ બાબતની ખબર પડેલી. એ વાત ખરી છે કે, ખબર પડતાં અમે બધાં દોડતાં જગ્યા ઉપર આવેલા</u>**". જેથી, તેઓની આ કબુલાત ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે કે, તેઓ બનાવ સમયે બનાવસ્થળે હાજર નહતા, અને ઘરે હતા. જેથી, તેઓની સરતપાસનું કથન કે તેઓએ બનાવ નજરો–નજર જોયેલ છે તે શંકા ઉપજાવનારૂં છે. ત્યાર બાદ તેઓએ એવુ જણાવેલ છે કે, તેઓ ત્રણ–ચાર મિત્રો સાથે બાકડાં ઉપર બેઠેલા હતા, અને બનાવ બાકડાંની આગળ ગલ્લાં પાસે બનેલો, પરંતુ ત્યાર બાદ

તેઓએ કબુલ કરેલ છે કે, તેઓ બનાવસ્થળે ગયા ત્યારે ઘણાં માણસો ભેગાં થઇ ગયેલા. જેથી, તેઓનાં જ કથનો એકબીજાથી વિરોધાભાસી છે. એક બાજું તેઓ એવુ જણાવે છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા, ત્યાર બાદ એવુ જણાવેલ છે કે તેઓ બાકડાં ઉપર બેઠા હતા, ત્યાર બાદ ફરીથી એવુ જણાવે છે કે બનાવસ્થળે ગયા ત્યારે ઘણાં બધાં લોકો ભેગા થઇ ગયેલા હતા. પરંતુ રેકર્ડ ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, જે બનાવ છે તે રાયખડ ખાતે મામાનાં ગલ્લાં પાસે બનેલો. એ હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે કે, ગુજરનાર સદરહુ સાહેદનો ભત્રીજો થાય છે. સદરહુ સાહેદે એવુ કબુલ કરેલ છે કે, તેઓ બાકડાં ઉપર ક્યા મિત્રો સાથે બેઠા હતા તેનાં નામ આપી શકે નહીં, અને ત્યાં જે ટોળુ ભેગુ થયેલુ તેમાનાં માણસોને ઓળખી શકે નહીં, અને નામ પણ આપી શકે નહીં. ત્યાર બાદ તેઓએ એવુ જણાવેલ છે કે, મગજમારી ચાલુ હતી ત્યારે કોઇ વચ્ચે પડેલુ નહીં, પરંતુ તેઓએ છોડાવવા માટે પ્રયત્ન કરેલો. પરંતુ ત્યાર બાદ ફરીથી કબુલ કરેલ છે કે, **"એ વાત ખરી છે કે, બનાવની જાણ થતાં હું દોડીને ગયેલો ત્યારે ચાકું મારી દીધેલ હતુ"**. તેઓએ એ પણ કબુલ કરેલ છે કે, પોલીસે તેઓનો જવાબ લીધેલો, અને પોલીસ રૂબરૂનાં નિવેદનમાં તેઓએ એવુ લખાવેલ નથી કે, **એ વાત ખરી છે કે, મેં મારો પોલીસ રૂબરૂનાં નિવેદનમાં એવુ લખાવેલ નહીં કે ત્યાં મારો ભત્રીજો અને કપીલ અને પ્રદીપ તથા ચિરાગ બેઠા હતા. એ વાત ખરી છે કે, પેટમાં જમણી બાજુએ મારેલ તેવુ લખાવેલ નથી"**. જેથી, સદરહુ સાહેદ પોતાની સરતપાસ અને ઉલટતપાસમાં વિરોધાભાસી કથનો કરી રહેલ છે, અને બનાવ સમયે તેઓ હાજર હતા તેવો જે ફરિયાદ પક્ષનો કેસ છે અને રજુઆત છે તે સદરહુ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા શંકા ઉપજાવનારૂં છે. એ હકીકત પણ નોંધવી જરૂરી છે કે, સદરહુ સાહેદને જે છરી બતાવવામાં આવેલ હતી તે એકદમ નવી હોય તેવુ કબુલ કરેલ છે, અને તેની ઉપર કોઇજ નીશાન નહતા, જ્યારે મુદ્દામાલ છરી/ખંજર કબજે કરવાનું જે પંચનામું છે

તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે છરી ઉપર ફળનાં આગળનાં ભાગે છેક સુધી સુકાઇ ગયેલા લોહી જેવા ડાઘ ફળની બંને બાજુ દેખાય આવે છે. આમ, ફરિયાદ પક્ષે સદરહુ સાહેદને નજરે જોનાર સાહેદ તરીકે કોર્ટ રૂબરૂ રજુ કરેલ છે, પરંતુ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ તેઓનો પુરાવો વિશ્વસનીય જણાય આવતો નથી, અને શંકા ઉપજાવનારો છે કારણકે, તેઓએ ઉલટતપાસમાં બે થી ત્રણ વખત કબુલ કરેલ છે કે બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની જાણ થયા બાદ તેઓ દોડીને બનાવ સ્થળે ગયેલા, અને તેઓએ આરોપીઓને તહોમત સાથે સાંકળતો જે પુરાવો આપેલો છે તે બાબતે પોલીસ નિવેદનમાં કાંઇ જણાવેલ નથી તેવી પણ કબુલાત કરેલ છે.

બીજા અગત્યનાં સાહેદ કે જેઓ બનાવસ્થળ પાસે "સોનલ પાન" નામનો ગલ્લો ધરાવે છે તેઓને આંક-૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ બનાવને સમર્થન આપેલ નથી, અને બનાવ નજરો-નજર જોયેલ નથી તેવુ પણ જણાવેલ છે, અને આરોપીઓને કે મુદ્દામાલને ઓળખી શકે નહીં તેવુ પણ જણાવેલ છે. તેમજ તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ પાનનાં ગલ્લે હાજર હતા ત્યારે ગુજરનારને આરોપીઓએ છરીથી પેટનાં ભાગે તેમજ ફેંફસાનાં ભાગે મારેલ હોય, અને તેને હોસ્પીટલે લઇ જતાં મરણ ગયેલ હોય તેવુ બનેલ નથી. સદરહુ સાહેદને ફરિયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરેલ હોવા છતાં તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને કે ફરિયાદ હકીકતને સમર્થન આપેલ નથી. સદરહુ સાહેદ સ્વતંત્ર સાહેદ છે, અને તેઓનો પુરાવો ન માનવા માટે કોઇ કારણ નથી. તેઓએ ઉલટતપાસમાં પણ કબુલ કરેલ છે કે, પોલીસે તેઓને બોલાવેલ અને ફક્ત નામ અને સરનામું પૂછીને જવા દીધેલ, તેમજ પોલીસે શું લખેલું તેની ખબર નથી.

તેજ મુજબ સાહેદ-વસંતભાઇ ચંદુલાલ ટોપરાણીની આંક-૪૦ ની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, બનાવ બાબતે તેઓને કોઇ માહિતી નથી,

તેમજ આરોપીઓએ ગુજરનારને મારેલ હોય તે કથનને પણ સમર્થન આપતા નથી. આ સાહેદે એ પણ કબુલ કરેલ છે કે, પોલીસે તેઓનું ફક્ત નામ અને સરનામું પૂછેલું, અને બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી, અને આરોપીઓ તેઓનાં વિસ્તારમાં રહેતા હોય તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલ છે. સદરહુ સાહેદનો પાનનો ગલ્લો બનાવસ્થળે આવેલો છે, અને ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, સદરહુ સાહેદે બનાવ નજરે જોયેલ છે, પરંતુ સદરહુ સાહેદ પણ બનાવ હકીકતને સમર્થન આપતા નથી.

તેજ મુજબ સાહેદ–બાબુભાઇ શીતલભાઇ કહારનો આંક–૪૨ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ બનાવસ્થળે "ચેતન બુક બાઇન્ડીંગ" નામની દુકાન ધરાવી કામકાજ કરતા હોવાનું જણાવેલ છે, પરંતુ તેઓએ બનાવ નજરો–નજર જોયેલ હોય, અને તેઓની હાજરીમાં બનાવ બનેલ હોય તેવો પુરાવો રજુ કરેલ નથી, અને ફરિયાદ પક્ષનાં કેસને કે ફરિયાદ હકીકતને સમર્થન આપતા નથી, અને ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનું નામ–ઠામ પૂછેલું, તે સિવાય તેઓ બીજું કાંઇ જાણતા નથી.

જેથી, આ કામે ઉપરોક્ત ત્રણેય અગત્યનાં સ્વતંત્ર સાહેદો કે જેઓ બનાવસ્થળની પાસેજ દુકાન ધરાવે છે, અને ફરિયાદ પક્ષનાં કેસ મુજબ તેઓ બનાવ નજરે જોનાર સાક્ષીઓ છે, તેઓ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા નથી, તેમજ બનાવ નજરે જોયેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરતા નથી, અને આરોપીઓને તહોમત સાથે સાંકળતો લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી, તેમજ ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ સાહેદ–ચંદ્રકાંતભાઇ નાનુભાઇ સોલંકી કે જેઓનો પુરાવો આંક–૩૫ થી રજુ થયેલો છે તે પુરાવો શંકા ઉપજાવનારો છે, અને તેઓને ફરિયાદ પક્ષે બનાવ નજરે જોનાર સાહેદ તરીકે કોર્ટ રૂબરૂ રજુ કરેલા છે, પરંતુ તેઓની ઉલટતપાસથી તેઓ બનાવ સમયે હાજર હોય અને બનાવ નજરે જોયો હોય તેવુ માનવાપાત્ર જણાય આવતુ નથી, અને તેઓનો

પુરાવો જ શંકા ઉપજાવનારો છે.

આંક-૩૯ થી તપાસવામાં આવેલ સાહેદ-કામેન્દ્ર ભાઇલાલભાઇ પરમારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ પણ સ્પષ્ટ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરની બહાર બેઠા હતા ત્યારે મનોજભાઇ, સ્વાતીબેન અને શારદાબેન દોડતા-દોડતા જતા હતા, અને તેઓએ જણાવેલ કે રાહુલને કોઇએ ખંજર મારેલ છે, અને તેઓ પણ સાથે ગયેલ હતા, ત્યારે રાહુલ લોહીલુહાણ હાલતમાં હતો, અને રાહુલને વી.એસ.હોસ્પીટલ લઇ ગયેલ, જ્યાં તેને મરણ જાહેર કરેલ, અને તેઓને ચંદ્રકાંતભાઇએ જણાવેલ કે રાહુલને આરોપીઓએ મારેલ છે, પરંતુ તેઓ *હીયર-સે* સાક્ષી જણાય આવે છે કારણકે, તેઓએ બનાવ નજરો-નજર જોયેલ નથી, અને તેઓનાં જ પુરાવા મુજબ તેઓને ચંદ્રકાંતભાઇએ બનાવ બાબતે જાણ કરેલ હોવાનું જણાય આવે છે. જેથી, તેઓનો પુરાવો *હીયર-સે* એવીડન્સ હોય, ધ્યાને લઇ શકાય નહીં. તેઓની ઉલટતપાસમાં પણ તેઓએ કબુલ કરેલ છે કે, રાહુલ તેઓનાં સગા બનેવીનો સગો ભત્રીજો થાય છે, અને તેઓ બનાવસ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં જમીન ઉપર પડેલો હતો, ત્યાં ઘણાં માણસોનું ટોળું હતુ, અને પોલીસે તેઓનું નામ-સરનામું પૂછેલું, અને તેઓની હાજરીમાં સ્વાતીબેન અને શારદાબેનનાં નામ નામ-સરનામાં પૂછેલા, અને પોલીસે તેઓને જવાબ વંચાવેલો નહીં, અને આરોપીઓ તેમનાં વિસ્તારમાં રહેતા હોય તેઓને ઓળખતા હોવાનું કબુલ કરેલ છે. આમ, સદરહુ સાહેદ પણ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા નથી.

સાહેદ-મનોજભાઇ નાનુભાઇ સોલંકીને આંક-૪૪ થી તપાસવામાં આવેલ છે, કે જેઓ ગુજરનારનાં પિતા છે. તેઓએ એવો પુરાવો રજુ કરેલો છે કે, તેઓનાં દીકરાને ચિરાગની બહેન-દિવ્યા સાથે પ્રેમસબંધ હતો, પરંતુ દિવ્યાની સગાઇ થઇ જતાં તેઓનાં દીકરાએ બોલવાનું બંધ કરવા છતાં તેણીનાં અવાર-નવાર ફોન

આવતા હતા, અને આ બાબતે ચિરાગને તેઓનાં દીકરા સાથે બોલાચાલી થયેલી. તેઓએ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા ત્યારે તેઓની મમ્મીને ત્યાં એક છોકરો આવેલો અને જણાવેલ કે, તેઓનાં દીકરાને કોઇએ ખંજર મારેલ છે. જેથી, તેઓની માતાએ ઘરની નીચે આવીને જણાવેલુ કે, રાહુલને કોઇએ ખંજર મારેલ છે, અને તેથી તેઓ દોડતા બનાવસ્થળે ગયેલા, જ્યાં રાહુલ લોહી–લુહાણ હાલતમાં પડેલો હતો. જેથી, તેઓનાં જ પુરાવા મુજબ તેઓએ બનાવ નજરો–નજર જોયેલ નથી, અને તેઓને કોઇનાં કહેવાથી બનાવ વિશે જાણ થયેલી, અને તેઓ બનાવસ્થળે ગયા ત્યારે તેઓનો દીકરો બનાવસ્થળે લોહી–લુહાણ હાલતમાં પડેલો હતો. તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ચંદ્રકાંતભાઇએ તેઓને એવુ જણાવેલ કે, આરોપીઓએ તેઓનાં દીકરા–રાહુલને ચપ્પાં વિગેરેથી ઇજાઓ કરેલી, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી, અને તેઓનો ઉપર જણાવ્યા મુજબનો પુરાવો *હીયર–સે* એવીડન્સ કહી શકાય, અને તેથી તે ધ્યાને લઇ શકાય નહીં, અને જ્યારે સાહેદ–ચંદ્રકાંતભાઇનો જ પુરાવો વિશ્વાસપાત્ર અને શંકારહિત જણાતો ન હોય ત્યારે સદરહુ સાહેદનાં પુરાવાથી આરોપીઓને તહોમત સાથે સાંકળતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. સદરહુ સાહેદે ઉલટતપાસમાં સ્પષ્ટ કબુલ કરેલ છે કે, તેઓ બનાવસ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં સો થી દોઢસો માણસોનું ટોળું ભેગુ થઇ ગયેલુ, અને તેઓએ બનાવ નજરો–નજર જોયેલ નથી, તેમજ પોલીસ રૂબરૂનાં નિવેદનમાં તેઓનાં દીકરાને ખંજર મારેલ તેવુ લખાવેલ હોવાનું કબુલ કરેલ છે, તેમજ એ પણ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, "**એ વાત ખરી છે કે, દિવ્યા આ આરોપીઓ પૈકી કોઇને સગી બહેન નથી**". આ સાહેદે બનાવ નજરો–નજર જોયેલ નથી.

તેજ મુજબ ફરિયાદી–સ્વાતી મયુરભાઇ સોલંકીનો આંક–૪૬ નો પુરાવો ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા, અને તેઓને

બનાવની જાણ થયેલી, અને તેઓનાં ભાઇ–રાહુલને કોઇએ ખંજર મારેલ, જેથી તેઓ તથા તેઓનાં પિતા દોડીને મામાનાં ગલ્લા પાસે ગયેલા, જ્યાં ગુજરનાર લોહી–લુહાણ હાલતમાં પડેલ હતો, અને ઘણાં લોકો હતા, અને તેઓનાં કાકા–ચંદ્રકાંતભાઇએ જણાવેલ કે આરોપીઓએ રાહુલને મારેલ છે, પરંતુ સદરહુ સાહેદ કે જેઓ આ કામનાં ફરિયાદી છે તેઓએ બનાવ નજરે જોયેલ નથી, બનાવ સમયે તેઓ ઘરે હતા, તેમજ તેઓ બનાવસ્થળે પહોંચ્યા ત્યારે ઘણાં લોકોનું ટોળું ભેગુ થઇ ગયેલ હતુ, પરંતુ આરોપીઓ ત્યાં હાજર હતા તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી, અને તેઓએ પણ જણાવેલ છે કે, બનાવ બાબતે તેઓને ચંદ્રકાંતભાઇએ જાણ કરેલી તેથી તેઓએ આરોપીઓ વિરૂધ્ધ પુરાવો રજુ કરેલો છે. પરંતુ ઉપર જણાવ્યુ તે મુજબ તેઓનો પુરાવો ધ્યાને લઇ શકાય નહીં કારણકે, આ પુરાવો *હીયર–સે* એવીડન્સ છે, અને તેઓને ચંદ્રકાંતભાઇએ બનાવ વિશે જણાવેલ હોવાનું કહેલુ છે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ ચંદ્રકાંતભાઇનો જ પુરાવો શંકા ઉપજાવનારો છે. વધુમાં, સદરહુ ફરિયાદી બનાવ સમયે હાજર હતા નહીં, તેઓએ બનાવ નજરે જોયેલ નથી, અને તેઓએ ઉલટતપાસમાં પણ કબુલ કરેલ છે કે, તેઓ પહોંચ્યા ત્યારે ગુજરનાર જમીન ઉપર પડેલો હતો, અને ઘણું મોટું ટોળું ભેગુ થઇ ગયેલ હતુ, અને હોસ્પીટલમાં તેઓનાં ભાઇને મૃત જાહેર કરેલો, અને તેઓ બનાવસ્થળે ગયા ત્યારે બનાવ બની ગયેલો હતો, અને તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તેમજ તેઓએ કબુલ કરેલ છે કે તેઓએ ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, તેઓનો ભાઇ ભરૂચ નોકરી કરતો હતો, અને તેને ત્યાં દિવ્યાનાં ફોન આવતા હતા, અને તેથી તેણીએ ભાઇને અમદાવાદ પાછો બોલાવી લીધેલ, અને તેનાં બે–ત્રણ દિવસમાં બનાવ બનેલો. જેથી, સદરહુ ફરિયાદીએ બનાવ નજરો–નજર જોયેલ નથી, અને તેઓએ પણ એવુ જણાવેલ છે કે, તેમને બનાવની જાણ ચંદ્રકાંતભાઇએ કરેલી. આમ, મારી સમક્ષ જે કાંઇ પુરાવો રજુ થયેલ છે તે એકત્રિતપણે ધ્યાને લેતાં,

ચંદ્રકાંતભાઇ કે જેઓને ફરિયાદ પક્ષે નજરે જોનાર સાક્ષી તરીકે રજુ કરેલ છે તેઓનો પુરાવો શંકા ઉપજાવનારો છે કારણકે, તેઓએ સ્પષ્ટ કબુલ કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવની જાણ થતાં તેઓ દોડીને બનાવસ્થળે ગયેલ હતા. આ કામે ચંદ્રકાંતભાઈનો આંક–૩૫ નો પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ તેઓનો પુરાવો શંકા ઉપજાવનારો છે, અને તેજ મુજબ આંક–૪૪ અને ૪૬ નાં સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, સદરહુ સાહેદોએ બનાવની હકીકત તેઓને ચંદ્રકાંતભાઇએ જણાવેલ હોવાનો પુરાવો રજુ કરેલો છે, પરંતુ તેઓનો આ પ્રકારનો પુરાવો કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ધ્યાને લઈ શકાય નહીં, અને તે હિયર–સે એવીડન્સ છે. સૌથી અગત્યનાં સાહેદ કે જેઓને અનુક્રમે આંક–૩૭,૪૦ અને ૪૨ થી તપાસવામાં આવેલા છે કે જેઓ બનાવસ્થળ પાસેજ પાનનો ગલ્લો અને બુક બાઈન્ડીંગની દુકાન ધરાવે છે, અને જેઓ સ્વતંત્ર સાહેદો છે તેઓએ બનાવ હકીકતને સમર્થન આપેલ નથી, અને આ કામનાં આરોપીઓએ ગુજરનારને ચપ્પાનાં ઘા મારી ઈજા કરેલ હોવાનો લેશમાત્ર પુરાવો રજુ કરતા નથી. આમ, આ કામનાં સ્વતંત્ર સાહેદો આરોપીઓને તહોમત સાથે સાંકળતો કોઈ પુરાવો રજુ કરતા નથી, અને ઉપર ચર્ચા કરી તે મુજબ આંક–૩૫ નાં કહેવાતા નજરે જોનાર સાહેદનો પુરાવો શંકા ઉપજાવનારો છે, અને આંક–૪૪ અને ૪૬ થી સાહેદ અને ફરિયાદીને તપાસવામાં આવેલા છે, પરંતુ તેઓનો પુરાવો ધ્યાને લઈ શકાય તેવો નથી. આમ, મારી સમક્ષનાં કેસમાં જે સ્વતંત્ર સાહેદો છે તેઓએ બનાવ હકીકતને સમર્થન આપેલ નથી. એ હકીકત પણ નોંધવી જરૂરી છે કે, જે પંચસાહેદો છે કે જેમની રૂબરૂમાં હથિયાર કબજે કરવામાં આવેલ હોવાની ફરિયાદ પક્ષની રજુઆત છે તે પંચસાહેદો સદરહુ રિકવરી પંચનામાંને સમર્થન આપતા નથી, અને તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓએ તમામ કામગીરી પોતાની હાજરીમાં કરવામાં આવેલ હોવા બાબતે, અને પંચનામાં તેઓએ

પોતાની હાજરીમાં કરેલ હોવા બાબતે, અને આરોપીઓને તહોમત સાથે સાંકળતો પુરાવો રજુ કરેલ છે, પરંતુ ફક્ત તપાસ કરનાર અમલદારનાં પુરાવાનાં આધારે આરોપીઓને આરોપ સાથે સાંકળી શકાય નહીં કારણકે, તેઓ પોલીસ અધિકારી છે, તેઓએ ગુન્હાની તપાસ કરેલી છે, અને તેથી સ્વાભાવિક રીતે તેઓને સદરહુ કેસનાં પરિણામમાં રસ હોય. પરંતુ જ્યારે કહેવાતા નજરે જોનાર સાક્ષીનો જ પુરાવો શંકા ઉપજાવનારો હોય અને સ્વતંત્ર સાહેદો બનાવને સમર્થન આપતા ન હોય ત્યારે ફક્ત તપાસ કરનાર અમલદારનાં પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓને તહોમત સાથે સાંકળી શકાય નહીં. ફરિયાદ પક્ષે આરોપીઓને આરોપ સાથે સાંકળતી તમામ કડીઓ પ્રસ્થાપિત કરવી પડે, અને જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ નિવડે, અને પુરાવો જરા પણ શંકા ઉપજાવનારો હોય ત્યારે તેનો લાભ આરોપીઓને આપવો પડે તેવો સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતનાં માર્ગદર્શક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલો છે. ઉપર ચર્ચા કરી તે મુજબ મારી સમક્ષ જે કાંઇ પુરાવો છે તે એકત્રિતપણે ધ્યાને લેતા તે શંકારહિત નથી કે જેનાથી આરોપીઓએ જ ગુન્હાને અંજામ આપેલ હોય તેવુ માની શકાય.

આ કામે ડો.કલ્પેશ સોમચંદભાઇ કોટારીયાને આંક-૫૦ થી તપાસવામાં આવેલા છે, અને તેઓએ ઈજા બાબતે તેમજ તેઓએ પોસ્ટમોર્ટમ કરેલ હોવા બાબતનો પુરાવો આપી પોસ્ટમોર્ટમ નોટ આંક-૫૧ થી અને પોસ્ટમોર્ટમ કરવા માટેની યાદી આંક-૫૨ થી રજુ કરેલ છે, પરંતુ તેઓએ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટ કબુલ કરેલ છે કે, જે પ્રમાણેની ઈજાઓ હતી તે શાર્પ હથિયારથી થઇ શકે, પરંતુ જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તેજ હથિયારથી થઇ શકે તેવુ ચોક્કસ કહી શકે નહીં, અને તેઓએ એ પણ કબુલ કરેલ છે કે, તેઓને જે હથિયાર બતાવવામાં આવેલ તે એકદમ નવું હતુ, અને તેનાં ઉપર કોઇ લોહીનાં ડાઘા જણાતા નહતા. જેથી, આંક-૩૦ નું પંચનામું

ધ્યાને લેવુ આવશ્યક છે, જે પંચનામું ધ્યાને લેતા તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલો છે કે, "**જેનું ફળ સ્ટીલ જેવુ એક બાજુ ધારવાળુ અને ફળનાં ભાગે અણીદાર છે ..... .. ... ... .. અને ફળનાં આગળનાં ભાગે છેક વચ્ચે સુધી સુકાય ગયેલ લોહી જેવા ડાઘ ફળની બંને બાજુ દેખાય આવે છે"**.

જેથી, સદરહુ પંચનામાં મુજબ જે હથિયાર હતુ તે હથિયાર ઉપર સુકાય ગયેલા લોહીનાં ડાઘા હતા, જ્યારે અહીં જે મુદ્દામાલ–ચપ્પુ રજુ થયેલ છે તે એકદમ નવું અને તેનાં ઉપર કોઈપણ પ્રકારનાં ડાઘ નહતા તેવુ જણાય આવે છે. એ હકીકત પણ નોંધવી જરૂરી છે કે, આ કામે આંક–૨૧ થી આરોપીઓની શરીરસ્થિતિનું તેમજ કપડાં કબજે કરેલાનું પંચનામું રજુ થયેલુ છે, અને તે પંચનામું ધ્યાને લેતા તેમાં પંચનામાંની તારીખ ૧૩–૬–૨૦૧૪ અને પંચનામાંનો સમય ૫.૦૦ થી ૬.૩૦ કલાકનો દર્શાવેલો છે, જ્યારે ચાર્જશીટ ધ્યાને લેતા આરોપીઓને તા.૧૩–૬–૨૦૧૪ નાં રોજ સાંજે ૬.૩૦ કલાકે અટક કરેલ હોવાનું બતાવવામાં આવેલુ છે, જેથી તે પણ શંકા ઉપજાવનારૂં છે. જેથી, આંક–૨૧ નું પંચનામું આરોપીઓને અટક કર્યા તે અગાઉનાં સમયગાળાનું છે, તેમજ આંક–૩૦ નું પંચનામું ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી, અને તે પંચનામાનાં પંચસાહેદો ફરી ગયેલા છે, અને તેઓએ પોતાની રૂબરૂમાં કહેવાતું હથિયાર કબજે કરેલ હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી, અને સદરહુ પંચનામામાં જે હથિયાર કબજે કરવામાં આવેલુ તે હથિયાર ઉપર ફળનાં આગળનાં ભાગે છેક વચ્ચે સુધી સુકાય ગયેલ લોહીનાં ડાઘ જણાય આવતા હતા, જ્યારે અત્રે કોર્ટમાં જે મુદ્દામાલ રજુ થયેલ છે તે બીલકુલ નવા જેવુ ચપ્પુ છે, અને તેની ઉપર કોઈપણ પ્રકારનાં કોઈ ડાઘ હતા નહીં. જેથી, સદરહુ મુદ્દામાલ જે આ કામે રજુ થયેલ છે તે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ જ છે કે કેમ તે પણ શંકા ઉપજાવનારૂં છે. રેકર્ડ ઉપરની હકીકકત ધ્યાને લેતા પૃથ્થકરણ માટે પણ જે મુદ્દામાલ–ચપ્પુ મોકલવામાં આવેલુ તે

ચપ્પુ/ખંજરમાં પણ સુકાઇ ગયેલ લોહી જેવા ડાઘ હતા, પરંતુ અહીં જે મુદ્દામાલ રજુ કરવામાં આવેલ છે તે બીલકુલ નવા જેવુ ચપ્પુ છે, જેથી એ પણ શંકા ઉપજાવનારૂં છે. જેથી, મારી સમક્ષ જે કાંઇ પુરાવો છે તે એકત્રિતપણે ધ્યાને લેતા ફરિયાદ પક્ષે ચંદ્રકાંતભાઇને નજરે જોનાર સાહેદ તરીકે તપાસેલા છે, પરંતુ તેઓનો પુરાવો વિશ્વાસપાત્ર અને સંતોષકારક જણાય આવતો નથી, અને અન્ય જે સાહેદો છે તેઓનો પુરાવો ધ્યાને લઇ શકાય નહીં કારણકે, તે *હીયર-સે* એવીડન્સ છે, તેમજ જે બનાવવાળી જગ્યા છે તેની આજુબાજુ જે દુકાનોવાળા છે કે જેઓની હાજરીમાં બનાવ બનેલ હોવાનો કેસ છે, અને તેઓ સ્વતંત્ર સાહેદો છે, તેઓ ફરિયાદ પક્ષનાં કેસને કે ફરિયાદ હકીકતને સમર્થન આપતા નથી. કોર્ટ રૂબરૂ જે મુદ્દામાલ ચપ્પુ /ખંજર રજુ થયેલ છે તે પણ તદ્દન નવું છે, તેની ઉપર કોઇપણ પ્રકારનાં લોહીનાં ડાઘ જણાય આવતા નથી, તેમજ આ ચપ્પાનાં રિકવરી પંચોએ પંચનામાંને સમર્થન કરેલ નથી, અને તેઓની હાજરીમાં આ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવા બાબતનો પણ ઈન્કાર કરેલો છે, તેમજ આરોપીઓની શરીરસ્થિતિ અને કપડાં કબજે કરેલાનું પંચનામું કે જે આ કામે આંક-૨૧ થી રજુ થયેલ છે તે તેઓની અટક પહેલાનું છે, જેથી તે પણ શંકા ઉપજાવનારૂં છે, તેમજ આ કામે આ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા એકપણ સાહેદે આ કામનાં આરોપીઓ બનાવસ્થળે હાજર હતા તેવો કોઇ પુરાવો રજુ કરતા નથી, અને ફક્ત ચંદ્રકાંતભાઇએ આ બાબતે જણાવેલુ છે, પરંતુ તેઓનો પુરાવો માનવાપાત્ર નથી તે સબંધે ઉપરોક્ત વિગતવાર ચર્ચા કરવામાં આવેલી છે . આમ, ફરિયાદ પક્ષે આરોપીઓને બનાવ સાથે સાંકળતી તમામ કડીઓ પ્રસ્થાપિત કરેલ નથી, અને તેમ કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે, અને જે કાંઇ પુરાવો રજુ થયેલ છે તે શંકા ઉપજાવનારો છે, અને જ્યારે શંકા ઉદ્દભવતી હોય ત્યારે તેનો લાભ આરોપીઓને આપવો જોઇએ. આરોપીઓને આરોપ સાથે સાંકળતો સ્પષ્ટ પુરાવો રજુ

કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે, તેમજ આરોપીઓને તહોમત સાથે સાંકળતો પુરાવો કે સાંયોગિક પુરાવો પણ રજુ કરી શકેલ નથી, અને જે સ્વતંત્ર સાહેદો છે તેઓએ બનાવને સમર્થન આપેલ નથી, અને તેથી પણ આરોપીઓને શંકાનો લાભ આપવો ઉચિત્ત જણાય આવે છે. આરોપીઓ સામે જે ગુન્હા સબબનું તહોમત તેનાં આવશ્ય તત્વો ધ્યાને લેતા પણ તે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે, અને તેથી પણ આરોપીઓને શંકાનો લાભ આપવો ઉચિત્ત જણાય આવે છે. ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, બનાવ બનવાનું કારણ ગુજરનાર અને દિવ્યા વચ્ચેનો પ્રેમસબંધ હતો, પરંતુ મારી સમક્ષ એવો પુરાવો રજુ થયેલ છે કે દિવ્યા આરોપીઓ પૈકી કોઇની પણ સગી બહેન નથી. આમ, ગુન્હો કરવા સબંધેનો આરોપીઓનો ઇરાદો અને જ્ઞાન કે જે આવશ્યક તત્વો છે તે પુરવાર કરવામાં પણ ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં, બનાવ સમયે આરોપીઓએ જાહેરમાં ચપ્પુ જેવુ હથિયાર ધારણ કરી પોલીસ કમિશ્નરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હોવા છતાં તેનો ભંગ કરી ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) અન્વયેનો ગુન્હો કરેલ હોવાની હકીકત પણ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા નિઃશંકપણે પુરવાર થતી નથી.

૨૬. આ કામે મૂળ ફરિયાદી તર્ફે – 2001 Law Suit(Guj) 480, Vinugiri Motigiri V/s. State of Gujarat – નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે, જે માનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે. સદરહુ ચુકાદાની હકીકત ધ્યાને લેતાં, તેમાં જે નજરે જોનાર સાક્ષી હતા તે માનવાપાત્ર જણાય આવતા હતા, અને તેનાં પુરાવાને તબીબી પુરાવાથી સમર્થન મળતુ હતુ તેવુ સ્પષ્ટ તારણ આપવામાં આવેલ છે, અને તે સંજોગોમાં મુદ્દામાલ રિકવરી પંચનામાનાં પંચો ફરી ગયેલ જાહેર થયેલ હોવા

છતાં પંચનામું ધ્યાને લેવામાં આવેલ છે, પરંતુ મારી સમક્ષ જે પુરાવો રજુ થયેલો છે તેમાં જે કહેવાતા નજરે જોનાર સાક્ષી છે તેનો પુરાવો માનવાપાત્ર જણાય આવતો નથી અને શંકા ઉપજાવનારો છે. વધુમાં, સદરહુ ચુકાદાની હકીકત અને મારી સમક્ષનાં કેસની હકીકત એકબીજા સાથે સુસંગત ન હોય, આ ચુકાદો હાલનાં કેસને લાગુ પડતો નથી તેવુ મારૂં નમ્રપણે માનવું છે. સદરહુ ચુકાદામાં તપાસ કરનાર અમલદારનાં પુરાવા બાબતે અને તપાસ કરનાર અમલદારનો પુરાવો ગ્રાહ્ય રાખવા બાબતે તારણ આપવામાં આવેલ છે, પરંતુ હાલનાં કેસમાં ઉપર ચર્ચા કરી તે મુજબ આંક-૨૧ નું પંચનામું આરોપીઓને અટક કર્યા તે અગાઉનું છે, અને જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે ખંજર/છરી ઉપર લોહીનાં ડાઘા હતા, પરંતુ અહીં જે મુદ્દામાલ રજુ થયેલ છે તે બીલકુલ નવું જ ચપ્પુ/ખંજર છે, અને પંચોએ પણ પંચનામાંને સમર્થન આપેલ નથી, જેથી પણ સદરહુ ચુકાદો મારી સમક્ષનાં કેસને લાગુ પડતો નથી તેવુ મારૂં નમ્રપણે માનવું છે. વધુમાં, મૂળ ફરિયાદી તર્ફે – 2012 Law Suit(SC) 651, Munish Mubar V/s. State of Haryana – નો ચુકાદો પણ રજુ કરવામાં આવેલો છે, પરંતુ મારી સમક્ષનાં કેસમાં ફરિયાદ પક્ષે જે કાંઇ પુરાવો રજુ કરેલ છે તે શંકા ઉપજાવનારો છે, તેમજ સદરહુ ચુકાદાની હકીકત અને મારી સમક્ષનાં કેસની હકીકત એકબીજા સાથે સુસંગત ન હોય, સદરહુ ચુકાદો અત્રેનાં કેસને લાગુ પડતો નથી તેવુ મારૂં નમ્રપણે માનવુ છે.

૨૭. આમ, ઉપરોક્ત કરવામાં આવેલ વિગતવાર ચર્ચા મુજબ મરનાર-રાહુલ આરોપી નં.૧ – ચિરાગની બહેન સાથે પ્રેમસબંધ રાખતો ન હોવાથી તેની અદાવત રાખી, તમામ આરોપીઓએ એકસંપ થઇ, આરોપી નં.૨ અને ૩ નાંએ મરનારને પકડી રાખેલ, અને આરોપી નં.૧ નાંએ તેની પાસેની છરી વડે મરનારને છરીનાં ઘા મારી,

ગંભીર ઈજાઓ પહોંચાડી, ખૂન કરેલ હોવાનું નિ:શંકપણે સાબીત કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય આરોપીઓને શંકાનો લાભ આપવો જરૂરી જણાય છે, અને તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## // હુ ક મ //

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામનાં આરોપી નં.૧ – ચિરાગ ઉર્ફે લાલો દેવેન્દ્રભાઇ અમરતલાલ ચાવડા, નં.૨ – પ્રદીપ ઉર્ફે પદીયો કનુભાઇ આત્મારામ ચુડાસમા તથા નં.૩ – કપીલ દેવેન્દ્રભાઇ અમરતલાલ ચાવડાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.ફર્સ્ટ–૪૪/૨૦૧૪ નાં કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનાં ગુન્હા સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

સદરહુ કામે આરોપી નં.૧ – ચિરાગ ઉર્ફે લાલો દેવેન્દ્રભાઇ અમરતલાલ ચાવડા જેલમાં હોઇ, તેઓની અન્ય ગુન્હાનાં કામે જરૂર ન હોય તો તેઓને તાત્કાલીક અસરથી જેલમુક્ત કરવા. તથા આરોપી નં.૨ – પ્રદીપ ઉર્ફે પદીયો કનુભાઇ આત્મારામ ચુડાસમા તેમજ આરોપી નં.૩ – કપીલ દેવેન્દ્રભાઇ અમરતલાલ ચાવડા જામીન ઉપર હોય, તેઓનાં જામીનખત આથી રદ્દ કરવા.

આરોપીઓને આથી હુકમ કરવામાં આવે છે કે, તેઓએ સુધારેલા ક્રી.પ્રો.કો.કલમ–૪૩૭(એ) નીચે અપીલ પિરિયડ માટે દરેક આરોપીએ

રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નાં જાતજામીન તથા તેટલીજ રકમનાં સધ્ધર જામીન, પોતાનાં રહેઠાણ તથા ધંધાનું કાયમી સરનામું તેમજ મોબાઇલ–ટેલીફોન નંબર પુરશીસ સાથે રજુ કરવા.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ અન્વયે સદરહુ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદને મોકલવી.

હુકમ આજરોજ તારીખ – ૦૪, માહે – મે, સને – ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

( પ્રતિક જે.તમાકુવાલા )
અધિક સત્ર ન્યાયાધિશ,
સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ,
કોર્ટ નં.૨૨,
અમદાવાદ.
(યુનિક કોડ નં.જીજે૦૦૫૮૧)

(D.P.Pathak)